**સુવિચાર**
સંસાર એક કડવા વૃક્ષ સમાન છે. તેના માત્ર બે ફળ અમૃત જેવા મીઠા હોય છે. એક મધુર વાણી અને બીજું સજ્જનોની સંગતિ.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૫/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ ચૈત્ર વદ-૭ વર્ષ : ૧૫ અંક : ૧૧૮

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## કોવિશિલ્ડનું ઉત્પાદન કરતી કંપની એસ્ટ્રાઝેનેકાએ બે વર્ષ પછી સ્વીકાર્યુ

# કોવિશિલ્ડ વેક્સિનથી હાર્ટ એટેક અથવા સ્ટ્રોકનું જોખમ રહે છે

### કંપનીએ સ્વીકાર્યું છે કે તેનાથી ટીટીએસ જેવી સાઈડ ઈફેક્ટ થઈ શકે છે

### લોહી ગંઠાઈ જવા જેવી સાઈડ ઈફેક્ટ થઈ શકે તેમ છે

### યુવા વયનાં બાળકોનાં મોતની સતત ઘટનાથી વેક્સિન સામે શંકા ઊભી થઈ હતી

### કોવિડની સામે રક્ષણ આપનાર વેક્સિને લોકોનાં હાર્ટ જોખમમાં મુકી દીધા છે



પ્રતિકાત્મકતસ્વીર

લંડન, તા.૩૦
કોરોના વખતે આખી દુનિયા તેની વેક્સિન શોધવાની દોડમાં સામેલ થઈ હતી અને જ્યારે વેક્સિન શોધાઈ ગઈ ત્યારે તેને લેવા માટે લોકો લાઈનમાં ઉભા હતા. પરંતુ હવે કોરોનાની કોવિશિલ્ડ વેક્સિન અંગે આંચકાજનક માહિતી બહાર આવી છે. કોવિશિલ્ડનું ઉત્પાદન કરતી કંપની એસ્ટ્રાઝેનેકાએ બે વર્ષ પછી સ્વીકાર્યું છે કે કોવિશિલ્ડથી ગંભીર આડઅસર થઈ શકે છે. તેના કારણે હાર્ટ એટેક અથવા સ્ટ્રોકનો ખતરો રહે છે. એસ્ટ્રાઝેનેકાએ UKની હાઈકોર્ટમાં સ્વીકાર્યું છે કે કોવિડ -૧૯ની વેક્સિનના કારણે થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ (TTS) જેવી સાઈડ ઈફેક્ટ થઈ શકે છે. ટીટીએસ એવી તકલીફ છે જેના કારણે લોહી ગંઠાઈ શકે એટલે કે બ્લડ ક્લોટ થઈ શકે છે અથવા શરીરમાં પ્લેટલેટ્સ ઝડપથી ઘટવા લાગે છે. આવી સ્થિતિમાં બ્રેઈન સ્ટ્રોક અથવા હાર્ટ એટેકનું જોખમ વધી જાય છે. બ્રિટિશ અખબાર ટેલિગ્રાફના અહેવાલ મુજબ એસ્ટ્રાઝેનેકા પર તેની વેક્સિનના કારણે ઘણા લોકોના મોત નિપજ્યા હોવાના આરોપો છે. આ ઉપરાંત બીજા ઘણાને ગંભીર બીમારીઓનો પણ સામનો કરવો પડ્યો છે.

ભારતમાં એસ્ટ્રાઝેનેકા વેક્સિનને કોવિશિલ્ડના નામે તરીકે ઓળખવામાં આવે છે. કંપનીએ પોતાના ડોક્યુમેન્ટમાં સ્વીકાર્યું છે કે તેમની કોરોના વેક્સિન થ્રોમ્બોસિસ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ એટલે કે TTSનું કારણ બની શકે છે. હાલમાં આ કંપની સામે હાઈકોર્ટમાં ૫૧ કેસ ચાલી રહ્યા છે. એસ્ટ્રાઝેનેકા પાસેથી

અનુસંધાન પાના ૬ ઉપર

## પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે કેન્દ્ર સરકારને આડે હાથ લીધી

# કોવિશિલ્ડ વેક્સિનની આડ અસર માટે જવાબદાર સામે કડક કાર્યવાહી કરવા માંગ

### વેક્સિનની મંજૂરી આપનાર અને કંપની સામે કાર્યવાહી જરૂરી

અમરેલી, તા. ૩૦
ભારત દેશમાં કરોડો વ્યકિતઓને અપાયેલ કોવિશિલ્ડ વેકિસન અંગે કંપનીની નિર્માણા કંપની એસ્ટ્રાઝેનેકાએ બ્રિટિશ કોર્ટમાં પ્રથમ વખત સ્વીકાર્યુ કે વેકિસનથી અમુક કિસ્સામાં સાઈડ ઈફેકટ થઈ શકે છે અને બ્રેઈન સ્ટ્રોક કે હાર્ટ એટેક આવી શકે છે.

કંપનીએ કોર્ટમાં સ્વીકાર કરતાં તેના ઘેરા પ્રત્યાઘાતો ભારત દેશમાં પડયા છે. દેશમાં ૧૭૦ કરોડ વેકિસન દેશવાસીઓને લગાવવામાં આવી છે અને છેલ્લા ૨ વર્ષમાં નાના બાળકો, યુવાનો અને પ્રૌઢમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધતા છાના ખૂણે વેકિસન સામે શંકાની સોય



તાકવામાં આવી હતી. પરંતુ જયાં સુધી કોઈ આધાર—પુરાવા ન હોય ત્યાં સુધી કોઈ નિષ્ણાંતો પણ કોઈ ખુલાશો કરતા ન હતા.

દરમિયાનમાં અમરેલીનાં પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે આજે આકરી પ્રતિક્રિયા આપી છે. તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, કોવિશિલ્ડ કંપનીની ભારત દેશની નિર્માતા કંપની પુનાવાલા છે અને આ પુનાવાલએ ઈલેકટોરલ બોન્ડમાં રૂપિયા ૫૦ કરોડનું ફંડ ભાજપને આપેલ છે અને દેશનાં કરોડો વ્યકિતઓની જીંદગી જોખમમાં મુકનાર કોવિશિલ્ડ કંપનીને વેકિસનની મંજૂરી કોણે અને કયાં નિયમો અને નિષ્ણાંતોનાં અભિપ્રાયસનાં આધારે આપી છે તેની સુપ્રીમ કોર્ટનાં મોનિટરિંગમાં તપાસ કમીટીની રચના કરવામાં આવે અને દેશવાસીઓની જીંદગી જોખમમાં મુકવામાં કોની જવાબદારી છે તે નકકી કરીને કસુરવાન જે કોઈ પણ સત્તાધીશ હોય તેની સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

## રાજકીય પક્ષો પણ પ્રોફેશનલ બની ગયા હોય તેવું લાગે છે

# અમરેલી લોકસભા બેઠકમાં રાજકીય પક્ષોએ પેઈડ કાર્યકરોને જવાબદારી સોંપતા આશ્ચર્ય

### કાર્યકરો પણ સમજે છે કે નેતા બનશે એટલે આપણું સાંભળશે નહી

અમરેલી, તા. ૩૦
અમરેલી લોકસભા બેઠકનાં ઉમેદવારોનાં પ્રચાર અર્થે રાજકીય પક્ષોએ પેઈડ કાર્યકરોને પત્રિકા વિતરણ સહિતની કામગીરી સોંપી હોવાનું જોવા મળે છે.

વર્ષો પહેલા જયારે વિધાનસભા કે લોકસભાની ચૂંટણી યોજાતી હતી ત્યારે રાજકીય પક્ષોનાં કાર્યકરો નિઃસ્વાર્થપણે પત્રિકા, મતદાર સ્લીપનું વિતરણ, હોર્ડિંગ લગાવવા, ખુરશી અને બુંગણ પાથરવા સહિતની કામગીરી કરતાં હતા.

હવે સમય બદલાયો અને દરેક ક્ષેત્રે મુડીવાદનો પ્રભાવ અને ઉમેદવારને વિજેતા બનાવવાથી તેમનું ભલું થવાનું નથી તેવું માનીને કાર્યકરો પણ કોઈ કાર્ય નાણા વગર કરતા નથી.

જેનાં કારણે રાજકીય પક્ષોએ ચૂંટણીલક્ષી દરેક કાર્ય પ્રોફેશનલ પાસેથી કરાવવું શરૂ કર્યુ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,790/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૩૦/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

LG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
LG ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ

BIMS-AASTHA HOSPITAL
આસ્થા હોસ્પિટલ હવે થી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ નામ થી રેગ્યુલર શરૂ છે
ડો. અશોક એન. પરમાર
હોસ્પિટલમાં નિયમીત ઓપીડી સમય તેમજ ઈમરજન્સીમાં ૨૪x૭ કલાક મળશે.
નોંધ : ડો.અશોક એન. પરમારના કન્સલ્ટીંગ ફી માં કંઈપણ વધારો કરેલ નથી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અમરેલી
આ દરેક નંબર પર કોલ કરી કેશ લખાવી શકો છો
(૦૨૭૯૨) ૨૨૫૮૪૦/૨૨૧૮૨૮/ ૩૫૪૪૪૪ મો.૯૯૩૮૫ ૩૮૫૦૫
મો.૯૪૨૪૪ ૮૨૦૦૦ / ૯૪૨૪૪ ૮૩૦૦૦

## પર્યાવરણ માટે કંપની ઘાતક સાબિત થવાની સંભાવનાં હોવાથી

# રાજુલા પંથકમાં આવી રહેલ કોપર કંપની સામે આક્રોશ

**તાજેતરમાં પૂર્વ ધારાસભ્ય કનુભાઈ કળસરીયાની આગેવાનીમાં પર્યાવરણવાદીઓની બેઠક યોજાઈ**

**રાજુલા પંથકમાં ૬૪ સિંહોનો વસવાટ હોવાથી તેમના અસ્તિત્વ ઉપર જોખમ**

**તામિલનાડુમાં સ્થાનિકોનાં રોષ બાદ કોપર કંપની બંધ થઈ હતી**

**કંપની તેમની કામગીરી બંધ ન કરે ત્યાં સુધી આંદોલન કરવા તૈયારી**






રાજુલા, તા. ૩૦

રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાં સ્થપાએલ ઈન્ડો એશિયા કોપર પ્રાઈવેટ લિમિટેડ કંપની સામે સ્થાનિક લોકો અને આસપાસના પર્યાવરણવાદીઓ અને સામાજિક કાર્યકર્તાઓએ આ કંપની અહીંયા ન સ્થપાય તે માટે સખત વિરોધ નોંધાવ્યો છે. ભૂતકાળમાં આ પ્રકારના ઉદ્યોગો, પર્યાવરણ અને ફળદ્રુપ ખેતી માટે ખૂબ જ નુકસાનકર્તા હોવાનું સાબિત થયું છે. રાજુલાના વિસ્તારમાં ૬૪ જેટલા સિંહનો પણ વસવાટ છે ત્યારે તેમના જીવન પર પણ આ કંપની અસરકર્તા બની શકે તેમ છે. તેથી તેનો વિરોધ દિન પ્રતિદિન વધુને વધુ ઉગ્ર બની રહ્યો છે.

તારીખ ૨૯ એપ્રિલના રોજ રાજુલામાં આ કંપની સામે વિરોધ પ્રદર્શન કરવા માટે લુહાર જ્ઞાતિની વાડીમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂર્વ ધારાસભ્ય કનુભાઈ કલસરિયા, પર્યાવરણવાદીઓ તખુભાઈ સાંડસુર, મંગળુભાઈ ખુમાણ તથા મુદિતા વિદ્રોહી ઉપસ્થિત હતાં. પોતાના ઉદ્‌બોધનમાં સૌએ જણાવ્યું કે, ઉદ્યોગનો વિરોધ નથી પરંતુ જે રીતે પર્યાવરણ અને ભૂમિ પ્રદૂષણને અને જનજીવનને અસર કરે છે તેવા કોઈ પણ ઉદ્યોગોને સમુદ્ર કિનારે પ્રવેશ આપી શકાય નહીં. આવી કંપનીએ ભૂતકાળમાં જયાં જયાં તેના પ્લાન્ટ સ્થાપ્યા છે ત્યાં ૫૦ કિલોમીટર સુધી સમુદ્રના કિનારાનું અને આસપાસની ફળદ્રુપ જમીનનું, પાણીનુ પણ ન કલ્પી શકાય તેવું પ્રદૂષણ કર્યું છે. તેનાથી જનજીવનમાં રોગનું પ્રમાણ, મૃત્યુનું પ્રમાણ વધ્યું છે તેનો વિરોધ લોકો સતત કરી રહ્યાં છે. આ પ્રકારની કંપની તામિલનાડુમાં તૂતીકોરીન ખાતે સ્થપાઈ હતી. ત્યાં વિરોધ પ્રદર્શન કરતા લોકો સામે સરકારના બળ પ્રયોગથી ૧૩ લોકોના મોત થયા હતાં. પછી તે કંપનીને સુપ્રીમ કોર્ટે બંધ કરવાનો હુકમ કર્યો હતો. બસ આજ સ્થિતિનું નિર્માણ રાજુલાના વિસ્તારમાં થઈ રહ્યું છે.

કંપનીના વિરોધમાં સભા પૂરી થયા બાદ મોટી સંખ્યામાં લોકો રાજુલાની બજારોમાં ફરીને પ્રાંત અધિકારીને કંપની ન સ્થપાય અને લોક સુનાવણી પુનઃ કરવામાં આવે. લોક સુનાવણી દરમિયાન બધા લોકોને બોલવાની અને પોતાનાં અભિપ્રાય રજૂ કરવાની છૂટ આપવામાં આવે. જે રીતે ભૂતકાળમાં લોક સુનાવણી થઈ અને તેમાં પોલીસે જે પ્રકારે બળપ્રયોગ કર્યો અને વહીવટી તંત્ર મુક પ્રેક્ષક બની રહ્યું તેના માટે પણ લોકોએ આક્રોશ વ્યકત કર્યો. સમગ્ર ઘટનાની વિસ્તૃત તપાસ કરવા માટેની સરકાર પાસે માંગણી કરી.

વધી રહેલા વિરોધની સામે લોકો જયાં સુધી આ કંપની પોતાનો પ્લાન્ટ અહીંથી ન સ્થાપવાનો નિર્ણય જાહેર ન કરે ત્યાં સુધી લોકજાગૃતિ અને લોક આંદોલનના કાર્યક્રમો સતત સમયાંતરે ચાલુ રાખવા માટે ઉપસ્થિત લોકોએ નિર્ધાર વ્યકત કર્યો. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો જોરુભાઈ ધાખડા, અમરૂભાઈ ધાખડા, જયદીપભાઈ ધાખડા, વિક્રમભાઈ ધાખડા, વંસતભાઈ ભેરાઈ તથા બીજા અન્ય લોકો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. ખેડૂત આગેવાન સ્વ. રાણીંગભાઈ ધાખડાને મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આભારદર્શન જયદિપભાઈ ધાખડાએ કર્યુ હતું.

### ૧૪–અમરેલી લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ

## ચૂંટણી ફરજ પરના ૪,૫૮૧ અધિકારી, કર્મચારીઓ માટે ટપાલથી મતદાનની પ્રક્રિયાનો પ્રારંભ

**ફોર્મ નં. ૧૨ના આધારે સુવિધા કેન્દ્ર ખાતેથી ટપાલથી મતદાન**



અમરેલી, તા. ૩૦

૧૪–અમરેલી લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત ચૂંટણી ફરજ બજાવનારા ઉપરાંત આવશ્યક સેવા સાથે સંલગ્ન અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તેના મતાધિકારનો ઉપયોગ થાય અને તે મતદાન કરી શકે તે હેતુંથી મંગળવારથી ટપાલથી મતદાન પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

અમરેલી લોકસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ ૯૪–ધારી, ૯૫– અમરેલી, ૯૬–લાઠી, ૯૭–સાવરકુંડલા, ૯૮–રાજુલા, ૯૯–મહુવા, ૧૦૧–ગારિયાધાર વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ ચૂંટણી ફરજ પરના ૪,૫૮૧ અધિકારીઓ, કર્મચારીઓ માટે ફોર્મ નં. ૧૨ના આધારે પોસ્ટલ બેલેટથી મતદાન પ્રક્રિયા યોજવામાં આવ્યું છે.

મંગળવારે આ લોકસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મત વિસ્તારના સુવિધા કેન્દ્ર ખાતે ટપાલથી મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો. આ મતદાન પ્રક્રિયા આગામી તા. ૨૦ મે ૨૦૨, સુધી યોજાશે. ટપાલથી મતદાન માટે ૯૪–ધારી વિધાનસભા મતવિસ્તાર માટે ૩૫૬, ૯૫–અમરેલી વિધાનસભા મતવિસ્તાર માટે ૫૫૦, ૯૬–લાઠી વિધાનસભા મત વિસ્તાર માટે ૩૬૨, ૯૭– સાવરકુંડલા વિધાનસભા મત વિસ્તાર માટે ૩૬૨, ૯૮–રાજુલા વિધાનસભા મતવિસ્તા માટે ૩૧૯, ૯૯–મહુવા વિધાનસભા મતવિસ્તાર માટે ૧૩૩૫, ૧૦૧–ગારિયાધાર વિધાનસભા મતવિસ્તાર માટે ૧,૨૯૭ એમ ૪,૫૮૧ બેલેટ ઈશ્યુ કરવામાં આવ્યા છે.

### ડો. વિજયવાળાની પ્રેરણાથી

## અમરેલીમાં મારૂતિનંદન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જળ સેવાનો પ્રારંભ

**ટ્રસ્ટનાં યુવાનોનું પ્રશંસનીય કાર્ય**



અમરેલી, તા.૩૦


કરસનદાસ માણેકની ઉપરોક્ત પંક્તિને અમરેલી શહેરના યુવા ટીમ એવા મારૂતિનંદન ચેરીટેબલ ટ્રસ્ટની ટીમે લોક ઉપયોગી સત્કર્મો થકી સાર્થક કરી છે. ભૂખ્યાને ભોજન હોય કે પછી પાણીની પરબો થકી તરસ્યાને જળ હોય. મારૂતિનંદન ટ્રસ્ટ છેલ્લા કેટલાક વર્ષોથી માનવ સેવાના ઉત્તમ કાર્ય થકી સમાજમાં સેવાની પ્રેરણાદાયી સુવાસ પ્રસરાવી રહ્યું છે. તે આનંદની વાત છે. કળિયુગમાં સ્વાર્થ સર્વોપરી હોય ત્યારે પરમાર્થના કાર્યો કરવા એ લોઢાના ચણા ચાવવા જેવી બાબત છે. એવી કહેવત છે કે ઘર બાળીને તીર્થ કરો ત્યારે સેવાના કાર્યો થતા હોય છે. બહુ ઓછા લોકો સેવા અને પુણ્યદાનનું ક્ષેત્રફળ પસંદ કરતા હોય છે અથવા તો ઈશ્વર કૃપાથી આવી તકો મળતી હોય છે. સમાજમાં આજે પણ એવા અનેક મહાનુભાવો છે કે સમાજ ઉપયોગી કાર્યોમાં દાન સ્વરૂપે કે શ્રમ સ્વરૂપે પોતાનો યથાશક્તિ સહયોગ અવિરત પ્રદાન કરતા હોય છે. જેમના થકી સમાજમાં અનેક પ્રકારના ઉત્તમ કાર્યો થતા હોય છે અમરેલી શહેરમાં પીવાના શુદ્ધ પાણીની કાયમી સમસ્યા છે અને તેવા સમયે સાર્વજનિક જગ્યાએ અને તે પણ બળબળતા ઉનાળામાં આવી વ્યવસ્થા ગોઠવવી એ તો નોંધ લેવી પડે તેવી ઘટના છે. મારૂતિનંદન ચેરીટેબલ ટ્રસ, અમરેલીની જનતા તેમજ અમારા દાતાઓનો ખુબ ખુબ આભાર માને છે.

તેમજ આ જળ સેવાનો વિચાર જેમણે અમારા સમક્ષ રજૂ કર્યો એવા અમરેલીના નામાંકિત ડોકટર વિજયભાઈ વાળાનો પણ દિલથી આભાર વ્યક્ત કરીએ છીએ કે જેના સાથ સહયોગથી જળ સેવાનો સંકલ્પ આજરોજ પૂર્ણ થયો છે.

### કોંગી અગ્રણી શાંતિલાલ રાણવાનું નિવેદન

## દેશમાં ૮૮ ટકા જન સંખ્યા ઉપર ૧૨ ટકા જન સંખ્યાનું શાસન

**કોંગ્રેસ પક્ષને મત આપવા આહવાન કર્યુ**



અમરેલી, તા.૩૦

જિલ્લા કોંગી ઉપપ્રમુખ શાંતિલાલ રાણવાની યાદી જણાવે છે કે અનું જાતિ, જનજાતિ અને બક્ષીપંચ (ઓબીસી)ની અનામત ભાજપ સરકાર કંમશઃ નાબુદ કરી રહી છે આઉટ સોર્સીગ, કરાર આધારીત, ખાનગીકરણ જેવી નિતિઓ દાખલ કરીને અનામત વ્યવસ્થાને ખોરવી નાંખી છે. પ્રમોશનમાં રોસ્ટરનો અમલ થતો નથી. લઘુમતિઓ પ્રત્યે ભારોભાર દ્રેષ જાયર કરીને ભાજપ નેતાઓ મુસ્લિમો તરફ ઝેર ઓંકી રહયા છે. હિન્દુવાદ, હિન્દુત્વ, હિન્દુરાષ્ટ્રની ઘોષણા, સંવિધાન બદલવાની છડેચોક ભાજપીઓ જાહેરાતો કરી રહયા છે તેથી આગામી સમય દેશની મુળનિવાસી ૮૮% પ્રજા ઉપર મોટો ખતરો તોળાઈ રહયો છે તેથી આ જાતિઓએ આ પ્રશ્નની ગંભીરતા સમજીને જાગૃત થઈ આ ભાજપ સરકારને જાકારો આપીને અમરેલી કોંગ્રેસના લોકસભાનાં ઉમેદવાર જેનીબેન ઠુંમરને જંગી બહુમતિથી જીતાડવા રાણવાએ હાકલ કરેલ છે, ભાજપ કોમવાદ, ધર્મવાદ, ધાર્મિક કટ્ટરતા ઉભી કરીને ભાઈચારાનું વાતાવરણ ડહોળીને ચુંટણીઓ જીતવા માંગે છે, આ તેમની મેલીમુરાદને નિષ્ફળ બનાવવા આ તમામ જાતિઓ એક થઈ કોંગ્રસ તરફી મતદાન કરે તે જરૂરી છે, તેમ તેમની યાદી જણાવે છે.

### યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત

## ચલાલા : હરિબા મહિલા કોલેજનું બી. કોમનું ૧૦૦% પરિણામ

**વિદ્યાર્થીઓને પૂ. રતિદાદાએ શુભકામના પાઠવી**


ઠુમ્મર કેશવા – ૮૬.૩૬%


ગોંડલીયા ખુશી – ૮૬.૦૦%


ઠેસિયા જેન્સી – ૮૩.૮૧%

ચલાલા, તા. ૩૦

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત હરિબા મહિલા કોલેજનું બી. કોમ સેમેસ્ટર–૧માં ૧૦૦% પરિણામ આવ્યું. જેમાં પ્રથમ ઠુંમર કેશવા, દ્રિતીય ગોંડલિયા ખુશી, તૃતિય ઠેસિયા જેન્સી તેમજ બધી વિદ્યાર્થીનીઓ ડીસ્ટ્રીકશન અને ફર્સ્ટ કલાસ પરિણામ મેળવીને ગાયત્રી પરિવાર તેમજ સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યુ છે. આ વિદ્યાર્થીનીઓને પૂ. ડો. રતિદાદાએ આશીર્વાદ પાઠવ્યા હતા તેમજ ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

તેમજ વર્ષ ૨૦૨૪ માં દીકરીઓ માટે બી.એ., બી.કોમ, બી.સી.એ. અને બી.પી.ઈ.એસ. માં એડમીશન કાર્ય શરુ છે. તો આજે જ હરિબા મહિલા કોલેજ, ધારી રોડ– ચલાલા મો. ૯૪૨૭૭ ૪૩૮૧૭, ૯૪૨૯ ૮૩૮૦૧૭, ૯૫૮૬૯ ૦૫૬૧૩ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# મહુવા પંથકનાં વિકાસ માટે ભાજપને મત આપો : ભરત સુતરીયા






મહુવા તાલુકાના ગ્રામ્ય વિસ્તારો શારદીકા, કુંભણ તરેડ, કંટાસર, માળવાવ, દયાળ, વાઘનગર, ખરેડ, ડોળીયામાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ભરત સુતરીયાએ પ્રચાર પ્રસાર કર્યો. આ તકે ગ્રામ્ય વિસ્તારના લોકોના જણાવ્યા મુજબ ભાજપ સરકારે જે અમરેલી લોકસભા માટે જે નિર્ણય લીધો છે તે યોગ્ય છે કે નાનો માણસ જાણે છે કે ગામડાના લોકોને શું જોઈએ છે આથી ગામડાના લોકોમાં અનેઢ સ્મિત અને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ તકે ધારાસભ્ય શિવાભાઈ ગોહિલ, જિલ્લા ભાજપ પ્રમુખ આર.સી. મકવાણા, પૂર્વ મહામંત્રી હરેશભાઈ વાઘ, મહુવા વિધાનસભાના સંયોજક બાબુભાઈ જોળીયા, જિલ્લા પંચાયતનાં બાંધકામ સમિતિના ચેરમેન દશરથભાઈ જાની, ચેરમેન રૂખડભાઈ, મહુવા એપીએમસીને ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ, મહુવા એપીએમસીને ડાયરેકટર જીલુભાઈ ભૂખણ, જીતેનભાઈ જાની, મહુવા તાલુકાના પ્રમુખ મોહનભાઈ મકવાણા, શામજીભાઈ મકવાણા, ભાવેશભાઈ કળસરિયા, ખરક જ્ઞાતિ પ્રમુખ પુનાભાઈ વળીયા, કોળી સેનાનાં કારોબારી સભ્ય જે.પી. જોળીયા, અનુસુચિત જાતિના પ્રમુખ ભીખાભાઈ રાવલિયા, લઘુમતી સમાજના અગ્રણી સતારશાહ મોગલ, સરપંચ હોથીભાઈ જાંજડા, સરપંચ કનુભાઈ બાંભા, માજી સરપંચ મોહન ભાજી રાવળ, અલારહકભાઈ સેલોત સહિત ભાજપના અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વડિયા ખાતે ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં ચૂંટણી કાર્યાલયનો દબદબાભેર પ્રારંભ



સમગ્ર દેશમાં હાલ ચૂંટણી માહોલજામ્યોછેત્યારેદરેકપક્ષપોતાના કાર્યકર્તાનાસંકલનઅનેબેઠકમાટેકાર્યાલય ખુલ્લામુકતાજોવામળ્યાછે.ત્યારેઅમરેલી લોકસભા સીટ માટે વડિયામાં ભાજપ ઉમેદવારભરતભાઈસુતરીયાનાકાર્યાલયને નાયબમુખ્યદંડકકૌશિકભાઈવેકરીયાઅને પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ દ્વારા રીબીનકાપીખુલ્લુંમુકાયુંહતુ.આસાથેમુખ્ય બજારમાંભવ્યસભાયોજવામાંઆવીહતી જેમા બંને નેતાઓએ સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી દેશના વડાપ્રધાનનરેન્દ્રમોદીનાહાથમજબૂતકરવા માટેભાજપનેપોતાનોકિંમતીમતઆપીને ભારેલીડ વડિયાવિસ્તારમાંથી મળેતેમાટે અપીલકરવામાંઆવીહતી.આતકેનાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ, તાલુકા પંચાયતપ્રમુખપુરૂષોત્તમભાઈહિરપરા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, તુષારભાઈવેગડ,અનિરૂદ્ધભાઈબોરીચા, મનોજભાઈ હપાણી, વડિયા સરપંચ મનિષભાઈ ઢોલરીયા, વસંતભાઈ સોરઠીયા, છગનભાઈ ઢોલરીયા સહિત મોટીસંખ્યામાભાજપનાહોદેદારોઅને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને ભારેમતદાનકરીભાજપનેજંગીલીડ આપવાઅપીલ કરાઈહતી.

### નાયબ કલેકટર સમક્ષ એડવોકેટ જુણેજાની દલીલો સફળ રહી

## અમરેલીનાં પ્રતાપરાની સર્વે નંબર ૫૯/૨ વાળી જમીનની વહેચણી અંગેની અપીલ રદ થઈ

### અરજદાર હિંમતભાઈ સાવલીયાની અરજી નામંજૂર

અમરેલી તા.૩૦

અમરેલીના પ્રતાપપરા રેવન્યુ સર્વે નંબર ૫૯/૨ વાળી જમીનની ભાઈઓ ભાગની વહેંચણી અંગેની કલમ–૨૦૩ મુજબ ની અપીલ રદ ઠેરવતા નાયબ કલેકટર એટવોકેટ જુણેજાની દલીલો માન્ય રહી આ કેસની હકીકત એવા પ્રકારની છેકે મોજે ગામ પ્રતાપરા તા. જી. અમરેલીની રેવન્યુ સર્વેનંબર ૫૯/૨ તથા ૬૧/૧ પૈકીની હે.૧–૯૫–૨૨ આરે.ચો.મી. વાળી જમી નો ભાયુ ભાગ નીવહેંચણી અંગેનો વિવાદ ચાલતો હોઈ આ કેસનં. ૩૧/૨૦૨૩ના અરજદાર હિમતભાઈ મનુભાઈ સાવલીયાએ નાયબ કલેકટર અમરેલીની કોર્ટમાં જમીન મહેસૂલ કાયદાની કલમ ૨૦૩ મુજબ અપીલ દાખલ કરેલી.



સદરહું અપીલ ચાલી જતાં પ્રતિવાદીઓ તરફે એડવોકેટ એચ.યુ. જુણેજાએ હાજર રહી આ સર્વે નંબરની ભાયુંભાગની વહેચણીમાં નોટરી રૂબરૂ કરેલ કરારખતઅને ગામ નમુના નંબર ૧ માં ક્ષેત્રફળમાં એ.૦–૧૮ ગું.નો તફાવત આવતો હોઈ હકકપત્ર કે નોંધ દાખલ કે મંજુર થઈ શકે નહી. જેથી બંને સર્વે નંબરો એક જ શેઢે તદન અડીને આવેલા હોઈ વચ્ચે કોઈ જાહેર રોડ રસ્તો નદી કે તળાવ આવતા નથી. તેથી બંને સર્વે નંબરોનું એકત્રીકરણ કર્યા બાદ ભાયુંભાગની વહેંચણી કરવામાં આવેતો ક્ષેત્રફળમાં જે તફાવત આવે છે તે તફાવત દુર કરી ક્ષતિ પુર્તતા થઈ શકે અને સમાન વહેંચણી થઈ શકે પરંતુ અરજદાર તેમાં સંમત થતા નથી યોગ્ય સહકાર આપતા નથી તેથી અરજદારની અપીલ રદબાતલ ઠેરવવા દલીલો કરેલ જે નાયબ કલેકટરએ એડવોકેટ જુણેજાની દલીલો માન્ય રાખી અરજદાર હિંમતભાઈ મનુભાઈ સાવલીયા રહે. પ્રતાપરાની અપીલ નામંજૂર કરવામાં આવેલ છે.

## જાફરાબાદ શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે યુવા એડવોકેટ હરેશભાઈ બાંભણીયાની વરણી

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ પ્રતાપભાઈ દુધાતના આદેશથી યુવા અને ઉત્સાહી એડવોકેટ હરેશભાઈ બાંભણિયાની જાફરાબાદ શહેર કોંગ્રેસપ્રમુખપદેનિમણૂકકરાયઆ નિમણૂકથતાનીસાથેકાર્યકરોમાંખુશીનો માહોલ જોવા મળ્યો અને આગામી લોકસભાનીચૂંટણીનેધ્યાનેરાખીશહેરની અંદર સંગઠન મજબૂત કરવા અમરેલી જિલ્લાના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, વીરજીભાઈ ઠુંમર, પ્રતાપભાઈ દુધાત, ધીઢભાઈ દૂધવાળા, ઠાકરશીભાઈ મેતલીયા, ડી. કે. રૈયાણી અને અમરેલી જિલ્લા લોકસભાના ઉમેદવાર જેનીબેન



ઠુંમર તેમજ ટીકુભાઈ વઢ, નાથાભાઈ પરમાર, જે.ડી. કાછડ, ગાંગાભાઈ હડીયા, દિપક દાદા ત્રિવેદી, યુસુફભાઈ દરબાર, અબ્દુલભાઈ સેલોત, કાદરભાઈ, જાડેજા યુવરાજભાઈ, વરૂ રવિભાઈ, ધાખડા રાહુલભાઈ, ધાખડા કરણભાઈ, કોટડીયા રજાકભાઈ, થૈયમ હસન ભાઈ, ધોરી ભીમભાઈ, બારૈયા સહિતના જિલ્લા અને તાલુકાના કોંગ્રેસ આગેવાનોએ આ વરણીને આવકારી શુભકામના પાઠવી છે તેમ અમરેલી જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂની યાદીમાં જણાવ્યું છે.


''અમરેલી એકસપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### ગ્રીનપાર્ક સોસાયટી ખાતે

## અમરેલીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા આયોજિત ૧૦થી ૧૫ વર્ષના બાળકો માટે દિવ્ય સંસ્કાર સમર કેમ્પ

### આગામી ૫ મે થી ૧૦ મે સુધી ૫ થી ૧૫ વર્ષનાં બાળકો જોડાશે

અમરેલી, તા. ૩૦

બ્રહ્માકુમારીઝ દિવ્ય અનુભૂતિ ભવન ગ્રીનપાર્ક સોસાયટી કેરીયારોડ અમરેલી ખાતે તા : ૫ થી ૧૦ મે સુધી ૫ થી ૧૫ વર્ષનાં બાળકો માટે ઉનાળાના વેકેશનનો સદ ઉપયોગ થાય તે હેતુથી દિવ્ય સંસ્કાર સમર કેમ્પનું આયોજન રોજ સાંજે ૫ વાગ્યાથી સાંજના ૬.૩૦ કલાક સુધી કરવામાં આવેલ છે આ કેમ્પમાં બાળકોને મેડીટેશન, આધયાત્મિક જ્ઞાન શીખવાડવામાં આવશે. સાથે સાથે જ્ઞાન ગમ્મતની અલગ અલગ રમતો રમાડવામાં આવશે.

આતંરિક વિકાસ માટે વિડીયોથછ જ્ઞાન શારિરીક તંદુરસ્તી માટે કરસતો, ડાન્સ એકટીવીટી, ફન ફુડ તથા રોજેરોજ જુદો જુદો સનત્વીક પ્રભુપ્રસાદ આપવામાં આવશે તો સંસ્કાર ઘડતર માટે ખાસ બાળકોને કેમ્પમાં ભાગ લેવા ઈશ્વરીય આમંત્રણ છે કોઈપણ જાતની ફી વગર તો આજેજ આપનું નામ મો.નં. ૮૩૨૦૦ ૭૫૩૩૪ પર લખાવશો તેમજ રૂબરૂ બ્રહ્માકુમારીઝ દિવ્ય અનુભૂતિ ભવન ગ્રીનપાર્ક સોસાયટી કેરીયારોડ ખાતે પણ નામ લખાવી શકશો.બાળકોને નોટ અને પેન ફરજિયાત સાથે લાવવી. તા ૫ મે ના રોજ સાંજે ૫ વાગે કેમ્પનું ઉદઘાટન થશે તેમ મુખ્ય સંચાલિકા ગીતાદીદીની યાદીમાં જણાવવામાં આવેલ છે.




























### સુપ્રીમ કોર્ટે EDને પૂછ્યા સણસણતા સવાલ

# ચૂંટણી પહેલા જ કેજરીવાલની ધરપકડ કેમ કરવામાં આવી?

## સુપ્રીમ કોર્ટમાં ફરીથી દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની ધરપકડને પડકારતી અરજી પર સુનાવણી થઈ

નવી દિલ્હી, તા.૩૦

સુપ્રીમ કોર્ટમાં આજે ફરીથી દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની ધરપકડને પડકારતી અરજી પર સુનાવણી થઈ. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે ઈડી પાસે અરવિંદ કેજરીવાલની બરાબર લોકસભા ચૂંટણી પહેલા જ ધરપકડ એટલે કે ધરપકડના ટાઈમિંગ અને અન્ય કેટલાક સવાલોના જવાબ પણ માંગ્યા છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ ખન્નાએ કહ્યું કે સ્વતંત્રતા ખુબ મહત્વની છે. તમે તેનાથી ઈનકાર કરી શકો નહીં. ત્યારબાદ અંતમાં જસ્ટિસ ખન્નાએ ધરપકડના ટાઈમિંગ વિશે પૂછ્યું. હકીકતમાં કેજરીવાલ તરફથી કહેવાયું કે તેમની ધરપકડનો સમય સામાન્ય ચૂંટણીની બરાબર પહેલાનો છે. સુપ્રીમ કોર્ટે ઈડી પાસે કેટલાક પ્રશ્નોના જવાબ માંગ્યા છે. ઈડીએ ધરપકડના ટાઈમિંગ સહિત એ સવાલનો પણ જવાબ આપવો પડશે કે શું કોઈ ન્યાયિક કાર્યવાહી ચાલુ છે, શું તમે અપરાધિક કાર્યવાહી શરૂ કરી શકો છો. જાણો એ સવાલો વિશે...જે સુપ્રીમ કોર્ટે ઈડીને પૂછ્યા છે. ૧. સામાન્ય ચૂંટણી પહેલા ધરપકડ શાં માટે? ૨. શું ન્યાયિક કાર્યવાહી વગર અહીં જે પણ કઈ થયું છે તેના સંદર્ભમાં અપરાધિક કાર્યવાહી શરૂ કરી શકાય છે? ૩. આ મામલે હજુ સુધી જપ્તીની કોઈ કાર્યવાહી થઈ નથી. જો થઈ હોય તો દેખાડો કે કેસમાં કેજરીવાલ કેવી રીતે સામેલ છે?૪. જ્યાં સુધી મનીષ સિસોદિયાની વાત છે તો તેમાં પક્ષ અને વિપક્ષમાં નિષ્કર્ષ છે. અમને જણાવો કે કેજરીવાલ મામલો ક્યાં છે? તેમનું માનવું છે કે કલમ ૧૯ની મર્યાદા જે અભિયોજન પર જવાબદારી નાખે છે, આરોપી પર નહીં. આમ નિયમિત જામીનની માંગણી થતી નથી કારણ કે તેઓ કલમ ૪૫નો સામનો કરી રહ્યા છે. જવાબદારી તેમના પર આવી ગઈ છે. ૫. હવે ઈડી જણાવે કે અમે તેની વ્યાખ્યા કેવી રીતે કરીએ? શું અમે મર્યાદાને બહુ ઊંચી જાળવીએ અને એ સુનિશ્ચિત કરીએ કે જે વ્યક્તિ દોષિત છે તેની ભાળ મેળવવા માટે ધોરણો સમાન હોય. ૬. કાર્યવાહી શરૂ થઈ તે અને પછી ધરપકડ વગેરેની કાર્યવાહી વચ્ચે આટલા સમયનો ગેપ કેમ?ઈડીએ શુક્રવાર બપોરે જવાબ દાખલ કરવાનું કહ્યું છે. અત્રે જણાવવાનું કે આ મામલે આગામી સુનાવણી ૩જી મેના રોજ થશે. કોર્ટમાં અરવિંદ કેજરીવાલ તરફથી અભિષેક મનુ સિંઘવીએ દલીલો શરૂ કરી હતી. સુપ્રીમે પૂછ્યું કે શું કોઈ દસ્તાવેજ છે જેનાથી સ્પષ્ટ થઈ શકે કે કોના પર ભરોસો કરાયો, કોના પર નહીં. સિંઘવીએ કહ્યું કે તેવો કોઈ દસ્તાવેજ નથી. આ દરમિયાન જસ્ટિસ સંજીવ ખન્નાએ સિંઘવીને કેટલાક સવાલો પૂછ્યા જેમ કે ગોવા ચૂંટણીની તારીખ શું છે, દારૂ નીતિ ક્યારે તૈયાર થઈ અને ક્યારે લાગૂ થઈ, સિંઘવીએ કહ્યું કે નીતિ લાગૂ થયાના એક વર્ષ પહેલા એટલે કે ૨૦૨૧માં તૈયાર થઈ. અત્રે જણાવવાનું કે કોર્ટમાં સોમવારથી આ સુનાવણી ચાલુ છે. અભિષેક મનુ સિંઘવીએ એવી દલીલ આપી હતી કે ઈડીએ આદર્શ આચાર સંહિતા લાગૂ થયા બાદ કેજરીવાલની ધરપકડ કરી. કાં તો તેમની પાસે પૂરતા પુરાવા છે અથવા તો કોઈ એવો આધાર છે જેના વિશે અમે જાણતા નથી. જે નિવેદનોના આધારે કેજરીવાલની ધરપકડ થઈ તે ૭થી ૮ મહિના જૂના છે. રાઘવ મગુંટાએ ૪ નિવેદનો આપ્યા જે તમામ નિવેદનો પર ભરોસો કરી શકાય નહીં. જો ઈડીને એમ લાગતું હોય કે કેજરીવાલ મામલામાં દોષી છે તો તપાસ એજન્સીએ તેમને આટલો સમય ખુલ્લેઆમ ઘૂમવા કેમ દીધા. સપ્ટેમ્બર ૨૦૨૨માં કેસ સામે આવ્યો ત્યારે કોઈ કાર્યવાહી કેમ ન થઈ, અચાનક ધરપકડ કરાઈ. તેઓ કોઈ ખૂંખાર અપરાધી કે આતંકવાદી નથી જે ફ્લાઈટ પકડીને ભાગી જશે. જો કે જસ્ટિસ ખન્નાએ એવું પણ પૂછ્યું હતું કે ઈડીએ કેજરીવાલને ૯ વખત સમન મોકલ્યા હતા. તેમણે દર વખતે કેમ ટાળ્યા? અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે જ્યારે સીબીઆઈએ બોલાવ્યા ત્યારે ગયા. કેજરવાલે ઈડીની નોટિસનો પણ વિસ્તારથી જવાબ આપ્યો. પરંતુ ઈડી એ ન કરી શકે કે સમન મોકલ્યા તો આવ્યા નહીં એટલે અમે તમારી ધરપકડ કરી. ઈડી ઓફિસ ન જવું એ તેમનો અધિકાર છે. તેના પર અલગથી કેસ ચલાવવામાં આવી રહ્યો છે. આ ધરપકડનો આધાર કે કારણ હોઈ શકે નહીં. ઈડીએ ધરપકડ પહેલા પીએમએલએની કલમ ૫૦ હેઠળ કેજરીવાલનું નિવેદન લીધું નથી. સંજય સિંહ કેસમાં પણ આવું જ થયું હતું. અત્રે જણાવવાનું કે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની ૨૧ માર્ચના રોજ ઈડીએ દિલ્હીની દારૂ નીતિ સંલગ્ન મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી હતી. તેઓ ૧ એપ્રિલથી જેલમાં બંધ છે. ૭ મે સુધી ન્યાયિક કસ્ટડીમાં રહેશે. આ મામલે ૯ એપ્રિલના રોજ દિલ્હી હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે સીએમની ધરપકડ ગેરકાયદેસર નથી.

### ક્ષત્રિય આંદોલનમાં આવ્યો નવો વળાંક

# હિન્દુત્વની વાત કરી પદ્મિનીબાએ વડાપ્રધાન મોદીનું કર્યું સમર્થન

## ક્ષત્રિય સંકલન સમિતિ હવે કોંગ્રેસ સંકલન સમિતિ બની છે: સંકલન સમિતિ રાજકીય હાથ બની ગઇ છે : પદ્મિનીબા

રાજકોટ, તા.૩૦

ક્ષત્રિય સંકલન સમિતિ હવે કોંગ્રેસ સંકલન સમિતિ બની છે. સંકલન સમિતિ રાજકીય હાથ બની ગઈ છે. ક્ષત્રિય સંકલન સમિતિના સભ્યો સામે આ સણસણતા આરોપો લગાવ્યા છે ક્ષત્રિય અગ્રણી પદ્મિનીબા વાળાએ. રાજકોટમાં પત્રકાર પરિષદનું આયોજન કરીને પદ્મિનીબાએ સૌથી મોટો ધડાકો કર્યો છે. પદ્મિનીબાએ સંકલન સમિતિ સામે સવાલો ઉઠાવ્યા અને રાહુલ ગાંધીના નિવેદન મામલે કેમ હવે ચૂપ છે જેવા સવાલો કર્યા હતા. પદ્મિનીબા વાળાએ આગળ પણ કહ્યું હતુ કે, મોદી સાહેબ હિન્દુત્વ અંગે કરેલા કાર્યોને આપણે ભૂલવા જોઈએ નહીં. સંકલન સમિતિના ૪-૫ તત્વો પોતાના રોટલા શેકે છે. સંકલન સમિતિ સારુ કામ કરનારાઓને સાઈડ લાઈન કરે છે. આમ પદ્મિનીબાએ પીએમ નરેન્દ્ર મોદીનું સમર્થન કર્યુ હતુ અને સંકલન સમિતિ સામે જ સવાલો ઉઠાવ્યા હતા.

પરશોત્તમ રુપાલાની વિવાદીત ટીપ્પણી મામલે ગુજરાતભરમાં દિવસે દિવસે વિરોધ વધુ થઈ રહ્યો છે. વિરોધ વચ્ચે આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્રન મોદી ગુજરાતની મુલાકાત લેવાના છે. તેમજ જાહેર સભા પણ યોજવાની છે. સૌરાષ્ટ્રમાં પ્રધાનમંત્રીના કાર્યક્રમ પહેલા ક્ષત્રિય સમાજે લોકોને અપીલ કરી છે.

ક્ષત્રિય સમાજના લોકોને શાંતિ જાળવવા અને કાયદો હાથમાં ન લેવા અપીલ કરી છે. લોકશાહી ઢબે લડત ચાલુ રાખવા અને ૭ તારીખ સુધી આચારસંહિતાનું પાલન કરવા અપીલ કરી છે. જામનગર,મોરબી અને વાંકાનેર ક્ષત્રિય સંકલન સમિતિ દ્વારા આ અપીલ કરવામાં આવી છે. તેમજ ગુજરાતમાં વાતાવરણ ન ડોહળાય તેની તાકાદી કરાઈ છે.

### ભારતમાં કોઈપણ નિયમોનું ઉલ્લંઘન કરાતું નથી : કંપની

# નેસ્લેએ સેરેલેકમાં વધારાની ખાંડ ઉમેરવાના મામલે સ્પષ્ટતા કરી

## શુગરની માત્રા પ્રમાણસર, પ્રોડક્ટમાં એવું કંઈ નથી કે જેનાથી બાળક માટે કોઈ પ્રકારનું જોખમ કે નુકસાન થાય : MD સુરેશ નારાયણ

નવી દિલ્હી, તા.૩૦

એક પછી એક FMCG કંપની પર લાગેલા આરોપો માં હવે નેસ્લેનું નામ પણ જોડયુ હતું , તેથી તેના પ્રોડકટ અંગે સ્પષ્ટતા કરતાં કંપનીના એમ ડી એ કહ્યું હતું કે તેમની કંપની બધા ધરા - ધોરણોનું પાલન કરીને પોતાના પ્રોડકટ વેચાણ માટે બજારમાં લાવે છે. વિગતવાર માહિતી મુજબ દેશની હ્લસ્ઝ્રય કંપની નેસ્લેએ બેબી પ્રોડક્ટ 'સેરેલેક'માં વધારાની ખાંડ ઉમેરવાના મામલે સ્પષ્ટતા કરી છે. કંપનીએ કહ્યું છે કે તે ભારતમાં કોઈપણ નિયમોનું ઉલ્લંઘન કરાતું નથી. નેસ્લે ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સુરેશ નારાયણે જણાવ્યું હતું કે ભારતમાં વેચાતા નેસ્લે સેરેલેકમાં ખાંડનું પ્રમાણ ફૂડ રેગ્યુલેટર FSSAI દ્વારા નિર્ધારિત મર્યાદામાં છે.સુરેશે જણાવ્યું કે સ્થાનિક ધોરણો અનુસાર, ૧૦૦ ગ્રામ ફીડ (સેરેલેક)માં વધારાની ખાંડની મહત્તમ માત્રા ૧૩.૬ ગ્રામ હોવી જોઈએ, જ્યારે નેસ્લે બેબી ફૂડમાં તે ૭.૧ ગ્રામ છે.તેમણે કહ્યું, 'હું સ્પષ્ટ કરવા માગુ છું કે આ પ્રોડકટમાં એવું કંઈ નથી કે જેનાથી બાળક માટે કોઈ પ્રકારનું જોખમ કે નુકસાન થાય.' ગરીબ દેશોમાં વધારાની ખાંડ ઉમેરવાના આરોપ પર, નારાયણે કહ્યું કે એશિયા અને યુરોપના બજારોમાં વધારાની ખાંડ ઉત્પાદનો અને 'નો એડેડ શુગર' ઉત્પાદનો બંને ઉપલબ્ધ છે. તે બાળકોના માતાપિતા પર નિર્ભર છે કે તેઓ કોને પસંદ કરે છે.

તે જ મહિનામાં સ્વિટ્ઝર્લેન્ડની 'પબ્લિક આઈ' અને ઈન્ટરનેશનલ બેબી ફૂડ એક્શન નેટવર્ક એ તેમના અહેવાલમાં જણાવ્યું હતું કે નેસ્લે એશિયા અને આફ્રિકાના ગરીબ દેશોમાં વેચાતા બેબી મિલ્ક અને સેરેલેક જેવા ખાદ્ય ઉત્પાદનોમાં વધારાની ખાંડ અને મધ ઉમેરી રહી છે. આ રિપોર્ટ આવ્યા બાદ કેન્દ્ર સરકારે આ મામલાની તપાસ કરવાનું કહ્યું હતું. સ્ટોક એક્સચેન્જ એ પણ કંપની પાસેથી આ બાબતે સ્પષ્ટતા માંગી હતી. જેમાં કંપનીએ જણાવ્યું હતું કે, બેબી ફૂડ અત્યંત નિયંત્રિત શ્રેણીમાં આવે છે. અમે જ્યાં પણ કામ કરીએ છીએ ત્યાં અમે સ્થાનિક કાયદાઓ અને આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરીએ છીએ. પબ્લિક આઈ અને ઈન્ટરનેશનલ બેબી ફૂડ એક્શન નેટવર્કના અહેવાલ મુજબ, એશિયા, લેટિન અમેરિકા અને આફ્રિકામાં વેચાતા ૭ મહિના સુધીના બાળકો માટે લગભગ તમામ ઘઉં આધારિત બેબી ફૂડમાં સરેરાશ ૪ ગ્રામ ખાંડ હોય છે. પબ્લિક આઈએ બેલ્જિયમની લેબમાં આ દેશોમાં કંપનીના ૧૫૦ ઉત્પાદનોનું પરીક્ષણ કર્યું હતું.

ફિલિપાઈન્સમાં એક સર્વિંગમાં મહત્તમ ૭.૩ ગ્રામ ખાંડ મળી આવે છે. તે જ સમયે, નાઈજિરીયામાં બાળકના ખોરાકમાં ૬.૮ ગ્રામ અને સેનેગલમાં ૫.૯ ગ્રામ ખાંડ મળી આવી હતી. વધુમાં, ૧૫માંથી સાત દેશોએ ઉત્પાદનોમાં ખાંડના સ્તર વિશે માહિતી આપી નથી. અહેવાલ મુજબ, નેસ્લે ભારતમાં લગભગ તમામ બેબી સેરેલેક ઉત્પાદનોની દરેક સેવામાં સરેરાશ ૩ ગ્રામ ખાંડ ઉમેરે છે. તે જ સમયે, ૬ મહિનાથી ૨૪ મહિના સુધીના બાળકો માટે વેચાતા ૧૦૦ ગ્રામ સેરેલેકમાં કુલ ૨૪ ગ્રામ ખાંડ હોય છે. રિપોર્ટમાં નેસ્લે પર આરોપ લગાવવામાં આવ્યો છે કે નેસ્લે તેના ઉત્પાદનોમાં હાજર વિટામિન્સ, મિનરલ્સ અને અન્ય પોષક તત્ત્વોને મુખ્ય રીતે પ્રકાશિત કરે છે, પરંતુ ખાંડના મિશ્રણના મામલે કંપની પારદર્શક નથી. WHO માર્ગદર્શિકા અનુસાર, ૩ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના ખોરાકમાં ખાંડ અથવા મીઠા પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ નહીં.

### એક મેવાણીનો પીએ, બીજો આપનો કાર્યકર્તા

# અમિત શાહનો વીડિયો વાયરલ કરનારા બેની ગુજરાતથી ધરપકડ

## અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે અમિત શાહની સભાના વીડિયોને ખોટી રીતે વાયરલ કરનારની ધરપકડ કરી છે

અમદાવાદ, તા.૩૦

રવિવારે ૨૮ એપ્રિલના રોજ દિલ્હી પોલીસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના એડિટેડ વીડિયો અંગે FIR નોંધી હતી. આ વીડિયોમાં શાહ એસસી-એસટી અને ઓબીસીની અનામતને ખતમ કરવાની વાત કરતા જોવા મળે છે. જો કે ન્યૂઝ એજન્સી પીટીઆઈના ફેક્ટ ચેકમાં આ વીડિયો નકલી સાબિત થયા હતા. ત્યારે આ એડિટેડ વીડિયોને ફેલાવવા અંગેની એક ફરિયાદ ભાજપ દ્વારા કરવામાં આવી હતી, જ્યારે બીજી ફરિયાદ ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી. ભાજપે આ વીડિયોને લઈને દેશભરમાં FIR નોંધવાનો નિર્ણય લીધો છે. ત્યારે આ એડિટેડ વીડિયોને શેર કરતા ગુજરાતથી બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં એક કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના પીએ છે, અને બીજો આપનો કાર્યકર્તા છે. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે અમિત શાહની સભાના વીડિયોને ખોટી રીતે વાયરલ કરનારની ધરપકડ કરી છે. આરોપીઓએ કેન્દ્રીય ગૃહમંત્રીની જાહેર સભાના વીડિયોને એડિટ કરીને વાયરલ કર્યો હતો. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ૨ શખ્સોની ધરપકડ કરી છે. જેઓએ અમિત શાહની પાલનપુર અને લીમખેડાની સભાના વીડિયોને એડિટ કરીને વાયરલ કર્યા હતા.

સતિષ વસાણી અને આરબી બારીયાની ધરપકડ કરાઈ છે. જેમાં આરબી બારીયા આપનો કાર્યકર્તા છે. તો સતીષ વસાણી કોંગ્રેસના વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીનો પીએ છે. ગૃહમંત્રી અમિત શાહના નિવેદનને અનામત નાબૂદ કરવાના નિવેદનને ખોટી રીતે એડિટ કરીને વાયરલ કરવામાં આવી રહ્યું છે. દિલ્હી પોલીસે X હેન્ડલ વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે, જેણે અમિક શાહના નિવેદનને સંપાદિત કર્યું હતું અને તેને વાયરલ કર્યો હતો. આ કેસમાં દેશભરમાંથી ધરપકડ થઈ રહી છે.

સતીષ વણસોલાની ધરપકડ પર જીજ્ઞેશ મેવાણીએ પ્રતિક્રિયા આપી હતી. જીજ્ઞેશ મેવાણીએ કહ્યું હતું કે સતીષ વણસોલા મારો ́છ નહીં, મારો ભાઈ સમાન છે. સતીષ છ વર્ષથી મારી સાથે જોડાયેલ છે. મેવાણીએ કહ્યું હતું કે સતીષના આત્મસન્માન માટે લડીશું. અમુક માણસોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. સામાન્ય પરિવારના દીકરાને ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે. આ તો તપાસનો વિષય છે. ભાજપના સહપ્રવક્તા દિપક જોશીએ કહ્યું હતું કે વીડિયો વાયરલ કરનાર એ પણ જવાબદાર વ્યક્તિ છે. ભાજપ નેતા જયરાજસિંહે કહ્યું હતું કે આરોપી કયા સમાજ કે જ્ઞાતિનો છે તે લેવાદેવા નથી. કોંગ્રેસ જ્ઞાતિગત રાજનીતિ કરે છે. આ નકલી વીડિયો કોણે વાયરલ કર્યો તે તપાસનો વિષય છે.

### પરેશ ધાનાણીએ મોંઘવારીનો મુદ્દો ઉઠાવ્યો

# પહેલા ૧૦ રૂપિયાની ૧૦ પાણીપુરી આવતી, હવે ૨૦ રૂપિયાની ૬ જ આવે છે

## દિલ્હી મોકલેલા તમારા ભાઈએ લિપસ્ટિક અને પાણીપુરીના ભાવ મોંઘા કર્યાં: કોંગ્રેસ નેતા પરેશ ધાનાણી

રાજકોટ, તા.૩૦

કોંગ્રેસના નેતા પરેશ ધાનાણી હંમેશા તેમના આગવા અંદાજમાં રહેતા હોય છે. લોકો વચ્ચે જવાની તેમની સ્ટાઈલ અતરંગી હોય છે. હાલમાં તેઓ ગોવાળિયાના વેશમાં ચૂંટણી પ્રચારમા આવ્યા હતા. ત્યારે હવે તેમણે રાજકોટની પ્રજાને લુભાવવા માટે પાણીપુરીનો સહારો લીધો છે.

રાજકોટ લોકસભામાં પ્રચાર દરમિયાન પરેશ ધાનાણીએ મહિલાઓ સામે મોંઘવારીનો મુદ્દો ઉઠાવવા પાણીપુરી અને મેકઅપનો ઉપયોગ કર્યો. પરેશ ધાનાણીએ મહિલાઓને કહ્યું, પહેલા ૧૦ રૂપિયાની ૧૦ પાણીપુરી આવતી હતી, હવે ૨૦ રૂપિયાની ૬ જ આવે છે. મોંઘવારી એટલી છે કે મહિલાઓ હવે કટકી પણ નહિ કરી શકતી હોય. મહિલાઓ પાવડર લિપસ્ટિક લેવા તો જતી જ હશે. મેં પ્રચાર દરમિયાન પૂછ્યું એક બેનને કે આ લિપસ્ટિક કેટલાની. તો કહે કે, ૧૦ રૂપિયાની. પહેલા કેટલાની આવતી તો કહે ૬ રૂપિયાની. બંગડી કેટલાની ૨૦ રૂપિયાની.પહેલા ૬ રૂપિયાની આવતી. દિલ્હી મોકલેલા તમારા ભાઈએ લિપસ્ટિક અને પાણીપુરીના ભાવ મોંઘા કરી દીધા છે.

તો કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીનો ચૂંટણી પ્રચારમાં અનોખો અંદાજ સામે આવ્યો. નવાગામમાં આવેલ ખોડલધામ રેસિડેન્સીમાં જાહેરસભા સંબોધી હતી. તેમણે આ સભામાં કહ્યું હતું કે, 'અમારા સાહેબ દોઢ મહિનાથી ટેસ્ટ રમતા હતા, સ્કોર ન થયો જેથી મારા ભાગે ૨૦-૨૦ રમવાની આવી. રાજકોટ પ્રીમિયર લીગમાં રમવા તો આવ્યો છું પણ બધાને ન મળી શકાયું હોઈ તો હાથે જ ફિલ્ડિંગ ગોઠવી લેજો. અડોશી પાડોશી અને સગા સબંધીઓને ૧૦-૧૦ ફોન કરી મતદાન કરવા અપીલ કરી.

### જય શ્રી રામ કહેવાથી વોટ નહી મળે

# જહાજમાં સવાર ભારતીય મહિલા ઈરાનની ચુંગાલમાંથી મુક્ત થઇ પહોંચી કેરળ

## બી. એલ સંતોષે ભાજપના જિલ્લા અને શહેરના ભાજપના નેતાઓને તેમની કામગીરીને લઈને ખખડાવ્યા હતા

વડોદરા , તા.૩૦

રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીએ વડોદરા ભાજપના નેતાઓની ઝાટકણી કાઢી છે. બી એલ સંતોષે ભાજપના જિલ્લા અને શહેરના ભાજપના નેતાઓને તેમની કામગીરીને લઈને ખખડાવ્યા હતા. તેમણે આ દરમિયાન નેતાઓને કહ્યું કે તમે મતદારોને મળ્યા જ નથી, માત્ર જય શ્રી રામ કહેવાથી વોટ નહી મળે.

આ સાથે રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીએ કહ્યું કે તમારી કામગીરીથી હું સંતુષ્ટ નથી અને બધુ જ જાણું છું. ત્યારે રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી વડોદરાના ભાજપના નેતાઓની કામગીરી પર સવાલ ઉઠાવ્યા છે અને આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી નાખી છે.

આ સાથે રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી કહ્યું કે, શહેરમાં યોગ્ય રીતે કામકાજ થતુ નથી. તેમજ તેમની કામગીરીમાં અભાવ દેખાતો જોવા મળી રહ્યો છે. તમને જણાવી દઈએ કે આ બેઠક રવિવારે મોડી રાતે લેવાઈ હતી. જેમાં શહેર ભાજપ સંગઠનના પ્રમુખ , મંત્રીઓ અને સાંસદ , ધારા સભ્યો અને પાલિકાના હોદેદારો અને પ્રભારીયો , સંયોજકો અને વિસ્તારકો પણ હાજર રહ્યા હતા, ત્યારે રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીએ બધાને વડોદરા શહેરમાં તેમની કામગીરીને લઈને ખખડાવ્યા હતા.વડોદરા ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીએ ભાજપ નેતાઓને ખખડાવી તેમની કામગીરી અંગે સવાલ ઉઠાવ્યા હતા. બી. એલ. સંતોષે શહેર અને જિલ્લાના ભાજપ નેતાઓને ઝાટકી નાખી હતી જે બાદ હવે ભાજપ નેતાઓની કામગીરી પર મોટા સવાલો ઉભા થયા છે.

### મોદીની આત્મા અહીં ભટકી રહી છે : શિવસેના

# ભાજપના અંતિમ સંસ્કાર મહારાષ્ટ્રમાં થશે : સંજય રાઉત

## રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે મોદી પર પ્રહાર કરતા કહ્યું કે પીએમ મોદીને મહારાષ્ટ્ર સાથે કોઈ લેવાદેવા નથી

મુંબઈ, તા.૩૦

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કા પહેલા રાજકીય પક્ષો અને નેતાઓના તીક્ષ્ણ નિવેદનો સામે આવી રહ્યા છે. આ ક્રમમાં, શિવસેના (UBT) નેતા સંજય રાઉતે ભારતીય જનતા પાર્ટી (BJP) અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કરતા કહ્યું કે તેમને મહારાષ્ટ્ર સાથે કોઈ લેવાદેવા નથી. મોદીજીનો આ આત્મા જે ભટકી રહ્યો છે તે ભાજપનું સ્મશાન બનવા જઈ રહ્યું છે. બીજેપીના અંતિમ સંસ્કાર ક્યાંય થશે તો મહારાષ્ટ્રમાં થશે.

તેમણે કહ્યું, "આ આત્મા, જે દિલ્હી અને ગુજરાત થઈને મહારાષ્ટ્ર આવે છે, તે વારંવાર મહારાષ્ટ્રમાં કેમ ભટકી રહી છે? તે ભટકી રહી છે કારણ કે ૪ જૂન પછી મહારાષ્ટ્ર ભાજપ માટે સ્મશાન સમાન બનવા જઈ રહ્યું છે. તેથી જ તેનો આત્મા ભટકી રહ્યો છે. મહારાષ્ટ્ર બીજેપીના સ્મશાન સમાન છે કે જેમણે મહારાષ્ટ્રને તોડવાનું ષડયંત્ર રચ્યું છે, ભલે તે શરદ પવાર હોય કે ઉદ્ધવ ઠાકરે, તેમનો આત્મા મહારાષ્ટ્ર અને મુંબઈમાં ભટકી ગયો છે આ આત્મા સાથે અમારી લડાઈ છે, આ અઘોરી આત્મા છે.

"કર્ણાટકમાં વીડિયો કાંડના મુદ્દે બોલતા સંજય રાઉતે કહ્યું કે, "ભારતીય જનતા પાર્ટી એક દંભી પાર્ટી છે, કર્ણાટકમાં એક વ્યક્તિના ૨૮૦૦ વીડિયો વાયરલ થયા છે જે બીજેપીના પરિવારના સભ્ય છે. જુઓ મોદીજીનો પરિવાર કેટલો મોટો છે?" તેમના પરિવારના સભ્યો ૨૮૦૦ બળાત્કાર કરે છે માત્ર એક ભટકતી આત્મા આ કરી શકે છે અને મોદીજી તેમના માટે વોટ માંગે છે, બીજું કોઈ નહીં.

તેમણે વધુમાં કહ્યું કે, "જો આ પ્રકારનું કામ કોઈ કરી શકે છે તો માત્ર ભટકતી વ્યક્તિ જ કરી શકે છે અને મોદીજી તે કરી રહ્યા છે. મોદીજી એક બળાત્કારી માટે વોટ માંગે છે, જે મહિલાઓ પર અત્યાચાર કરે છે અને મોદીજીને આ વિશે હૃદયમાં કોઈ દુઃખ નથી."

### ગરબા, મહેંદી, રંગોળી જેવા કાર્યક્રમનું આયોજન

# ગુજરાતમાં મતદાન વધારવા માટે તંત્રની તૈયારીઓ શરૂ

## મે મહિનાની કાળઝાળ ગરમીમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં મતદાન વધારવા ખાસ ભાર મૂકવામાં આવ્યો છે

ગાંધીનગર, તા.૩૦

લોકસભાની ચૂંટણીમાં ૫૦% થી ઓછું મતદાન થયું હોય તેવા મતદાન મથકો અને બૂથ ચૂંટણી પંચ દ્વારા ઓળખી કાઢવામાં આવ્યા છે. રાજ્યમાં ૨૯૯૧ બુથ પર મતદાન ૫૦% થી ઓછું નોંધાયેલ છે.

આ તમામ બુથ પર વધુ મતદાન કરાવવા માટે ચૂંટણીપંચ દ્વારા કલેકટરોને તાકીદ કરવામાં આવી છે. મે મહિનાની કાળઝાળ ગરમીમા કચ્છ અને સૌરાષ્ટ્રમાં મતદાન વધારવા ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. કેન્દ્રીય ચૂંટણી પંચના મુખ્ય કમિશનર રાજીવ કુમાર તથા જ્ઞાનેશકુમાર અને સુખવીર સિંહ ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી સાથે ઓછુ મતદાન ધરાવતા બુથ પર મતદાન વધારવા તાકીદ કરી છે.

ડિસેમ્બર ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમિયાન ૫૦ ટકા કરતાં ઓછું મતદાન થયું હોય તેવી બેઠક પર જિલ્લાવાર બુથો અલગ તારવવામાં આવ્યા છે. ૨૦૨૨ ચૂંટણીમાં ૩,૪૮૯ બુથ પર ઓછું મતદાન થયું હતું. એમાં સુરતની બેઠક બિનહરીફ થતા આ જિલ્લાના ૪૯૮ બુથમાંથી બાદ કરાતા હવે ૨૯૯૧ બુથ એવા છે કે જ્યાં મતદાન વધારવા માટે જિલ્લા કલેકટરોને તાકીદ કરવામાં આવી છે.કચ્છ જિલ્લાના ૨૯૮, બનાસકાંઠાના ૫૨, પાટણના ૩૫, મહેસાણાના ૫૦, સાબરકાંઠાના ૬, અરવલ્લીના ૯, ગાંધીનગરના ૪૦, અમદાવાદના ૪૬૮, સુરેન્દ્રનગરના ૧૩૭, મોરબીના ૨૨, રાજકોટના ૧૨૪, જામનગરના ૧૧૯, દ્વારકાના ૩૩, પોરબંદરના ૫૦ જૂનાગઢના ૧૨૨, ગીર સોમનાથના ૪૮, અમરેલીના ૨૪૬, ભાવનગરના ૧૯૬, બોટાદના ૧૫૪, આણંદના ૩૨, ખેડાના ૩૨, મહીસાગરના ૭૪, પંચમહાલના ૪૧, વડોદરાના ૭૦, છોટાઉદેપુરના ૩૧, નર્મદાના ૯, ભરૂચના ૫૬, સુરતના ૪૯૮, તાપીના ૩, ડાંગના ૩૭, નવસારીના ૧૫ અને વલસાડના ૬૨ મતદાન મથકો પર ૫૦% થી ઓછું મતદાન નોંધાયું હતું.આ સિવાય જ્યાં મહિલાઓએ મતદાન ઓછું કર્યું છે ત્યા વધુ મતદાન થાય તેવા ગામોમાં ગરબા, મહેંદી, રંગોળી જેવા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સખી મંડળોએ ગ્રામજનોને મતદાન કરવા પ્રેરણા આપી રહી છે. ગત ચૂંટણી દરમિયાન પુરુષો કરતાં સ્ત્રીના મતદાનમાં ૧૦% નો તફાવત હોય તેવા ગામ અને બુથવાર મહિલા મતદારોને જાગૃત કરવા માટેનો સઘન પ્રયાસ ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવ્યો છે.

### ૧લી મેએ સુનાવણી કરવામાં આવશે

# સુપ્રીમ કલમ ૩૭૦ નાબૂદ કરવાની કાયદેસરતા અંગેની સમીક્ષા કરશે

## સુપ્રીમ કોર્ટે અગાઉ જમ્મુ- કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ કરવા સામે થયેલી અરજીઓને ફગાવી દીધી હતી

નવી દિલ્હી, તા.૩૦

કલમ ૩૭૦ નાબૂદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને યથાવત રાખતા સુપ્રીમ કોર્ટના નિર્ણયને પડકારતી સમીક્ષા અરજી પર ૧ મેના રોજ વિચારણા કરવામાં આવશે. તે દિવસે સુપ્રીમ કોર્ટ નક્કી કરશે કે કેસની ફરી સુનાવણી થવી જોઈએ કે નહીં. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ, સુપ્રીમ કોર્ટે જમ્મુ- કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ કરવા સામે દાખલ કરવામાં આવેલી અરજીઓને ફગાવી દીધી હતી.CJI ડી.વાય. ચંદ્રચુડે ચુકાદામાં કહ્યું હતું કે, જમ્મુ -કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. ભારતમાં જોડાયા પછી તેણે સાર્વભૌમત્વનું તત્વ જાળવી રાખ્યું નથી. આવી સ્થિતિમાં તેના માટે કોઈ ખાસ જોગવાઈઓ કરી શકાતી નથી. CJI ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની બેંચે કહ્યું હતું કે, અમે માનીએ છીએ કે કલમ ૩૭૦ એક અસ્થાયી જોગવાઈ છે અને તે વચગાળાની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સંક્રમણના હેતુ માટે રજૂ કરવામાં આવી હતી. રાજ્યમાં યુદ્ધની સ્થિતિને કારણે આ કામચલાઉ હેતુ માટે હતું. આ એક અસ્થાયી જોગવાઈ છે અને આ રીતે તેને બંધારણના ભાગ ૨૧માં મૂકવામાં આવી છે.મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની આ બંધારણીય બેંચમાં જસ્ટિસ સંજય કિશન કૌલ, જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ સૂર્યકાંતનો સમાવેશ થાય છે. ચુકાદો સંભળાવતી વખતે CJI ચંદ્રચુડે કહ્યું કે આ કેસમાં ત્રણ અલગ-અલગ ચુકાદા લખવામાં આવ્યા હતા, પરંતુ તમામ ન્યાયાધીશો એક નિષ્કર્ષ પર સહમત હતા. નોંધનીય છે કે ઓગસ્ટ ૨૦૧૯માં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ની મોટાભાગની જોગવાઈઓને રદ કરી દીધી હતી અને તેને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરી હતી.

# રાજુલા ખાતે મુરલીધર મહિલા મંડળ દ્વારા ભાગવત્ સપ્તાહનું સુંદર આયોજન






લોકોને ધર્મ પ્રત્યે આસ્થા જળવાઈ રહે અને સાચું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા ઉત્તમ હેતુ સાથે રાજુલા આહિર સમાજની વાડી ખાતે મુરલીધર મહિલા મંડળ દ્વારા શ્રીમદ્ ભાગવત્ સપ્તાહનું સુંદર આયોજન કરવામાં આવ્યું.જેમાં ડો. સ્વામી વિમલાનંદજી મહારાજ દ્વારા વ્યાસપીઠ પર બિરાજી પોતાની સુમધુર વાણીથી સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવેલ. તારીખ ૯થી ૧૫ એપ્રિલ દરમિયાન યોજાયેલ શ્રીમદ ભાગવત કથામાં બપોરના સમય દરમિયાન આહિર સમાજની વાડી ખાતે હાજર શ્રોતાઓને ડો.સ્વામી વિમલાનંદજી દ્વારા વિવિધ પાત્રો જેવા કે સમુન્દ્ર મંથન, વામન અવતાર, કૃષ્ણ જન્મોત્સવ, સુદામા ચરિત્ર, રાસ લીલા અને બાળ સ્વરૂપ વિગેરે વિશે સાદી અને સરળ ભાષામાં કથાનું રસપાન કરાવી ભકિતનો સાચા અર્થમાં મહિમા સમજાવેલ તેમજ કથા દરમિયાન યાદવ યુવા ગ્રુપના પ્રમુખ લાલજીભાઈ જીંજાળા, મનુભાઈ જીંજાળા, બળુભાઈ મકવાણા અને હિંમતભાઈ નકુમ સહિતના કાર્યકરો દ્વારા ખડેપગે હાજર રહી તન, મન અને ધનથી સેવાનો લાભ આપતા સંતોનો રાજીપો મેળવેલ. સામાજિક અને રાજકીય આગેવાનો તેમજ લોકોની હાજરીમાં કથામાં નામી અનામી કલાકારો દ્વારા સાંજનાં સમયે હનુમાન ચાલીસા અને સંતવાણીનો લાભ આપતા હાજર શ્રોતાઓ દ્વારા તેમને વધાવી લઈ સુંદર રીતે સાતમાં દિવસે ભાગવત કથા પૂર્ણ થતા મુરલીધર મહિલા મંડળ દ્વારા તમામનો આભાર વ્યકત કરવામાં આવેલ જે લાલજીભાઈ જીંજાળાની યાદીમાં જણાવેલ છે.

### અટલ ટનલના દક્ષિણ પોર્ટલ પર વાહનો અટવાયા

## હિમાચલ પ્રદેશમાં વરસાદ અને હિમવર્ષાને કારણે બેવડી મુશ્કેલી

### ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને ૬૦ રસ્તાઓ બંધ કરવા પડ્યા, અટલ ટનલમાં ફસાયેલા ૬૦૦૦ પ્રવાસીઓને બચાવી લેવાયા

શિમલા, તા.૩૦

હિમાચલ પ્રદેશમાં વરસાદ અને હિમવર્ષાને કારણે બેવડી મુશ્કેલી ઉભી થઈ છે. ખાસ કરીને અહીં દેશભરમાંથી પ્રવાસીઓ ફરવા માટે આવતા હોય છે. આ સિઝનમાં આવતા પ્રવાસીઓની હાલ હાલત ખરાબ થઈ ગઈ છે. ભારે હિમવર્ષા અને વરસાદને પગલે મોટી સંખ્યામાં પ્રવાસીઓ અહીંની અટલ ટનલમાં ફસાયા હોવાની ખબર પણ સામે આવી હતી. જોકે, તંત્રએ ભારે જહેમત બાદ અટલ ટનલમાં ફસાયેલા ૬૦૦૦ પ્રવાસીઓને બચાવી લીધાં છે. હાલ તેમને સુરક્ષિત સ્થળે મોકલી દેવામાં આવ્યાં છે. એવી પણ વાત સૂત્રો જણાવી રહ્યાં છેકે, અટલમાં ફસાયેલાં પ્રવાસીઓ દેશના વિવિધ રાજ્યોમાંથી અહીં આવ્યાં હતાં. જેમાં ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા થઈ છે. હવામાનના આ બેવડા હુમલાએ મુશ્કેલી ઉભી કરી. ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને ૬૦ રસ્તાઓ બંધ કરવા પડ્યા. લાહૌલ અને સ્પીતિને કુલ્લુથી જોડતી અટલ ટનલ પણ હિમવર્ષાને કારણે પ્રભાવિત થઈ હતી. ટનલના દક્ષિણ પોર્ટલ પર લગભગ ૫ ઈંચ હિમવર્ષા નોંધાઈ હતી. અહેવાલો અનુસાર, લગભગ ૬,૦૦૦ પ્રવાસીઓ અહીં ૧,૫૦૦ વાહનોમાં અટવાયા હતા. પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રની મદદથી તેને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યો હતો. હિમાચલના ઉપરના વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકથી સતત ભારે હિમવર્ષા થઈ રહી છે. નીચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદ સાથે કરા પણ પડ્યા હતા. હિમાચલના ઘણા ભાગોમાં હિમવર્ષા અને વરસાદને કારણે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હમીરપુરમાં -૧૧.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. મોટાભાગના ઉપલા વિસ્તારોમાં તાપમાન -૬ થી -૧૩ ડિગ્રીની વચ્ચે પહોંચી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ સુધી વરસાદથી રાહત મળવાની કોઈ આશા નથી. હા, તેની તીવ્રતા ચોક્કસપણે ઘટી શકે છે. ૨ મે પછી હવામાનમાં સુધારો થવાની આશા છે.હિમવર્ષાના કારણે રસ્તાઓ પર બરફની જાડી ચાદર જામી ગઈ છે. નાયબ પોલીસ અધિક્ષક (ડીએસપી) કેડી શર્માના જણાવ્યા અનુસાર, 'અટલ ટનલના દક્ષિણ પોર્ટલ પર બરફથી ભરેલા રસ્તા પર લગભગ ૧૦૦૦ વાહનો અટવાઈ પડ્યા હતા.'

અટલ ટનલ લાહૌલ અને સ્પીતિ જિલ્લાઓને કુલ્લુ સાથે જોડે છે. તેના દક્ષિણ પોર્ટલ પર ફસાયેલા લગભગ ૬,૦૦૦ પ્રવાસીઓને સફળતાપૂર્વક બચાવી લેવામાં આવ્યા હતા. શર્માના જણાવ્યા અનુસાર, વાહનોને મનાલી, સોલંગ અને પલચનમાં સુરક્ષિત રીતે લાવવામાં આવ્યા હતા.સોમવારે સવારે પણ અટલ ટનલ પાસે હિમવર્ષા થઈ હતી. શિમલાની સાથે કાંગડા અને અન્ય વિસ્તારોમાં વરસાદના અહેવાલ છે. ચંબામાં ૧૧.૦ મીમી, સીઓબાગમાં ૭.૮ મીમી, તિસા અને ભરમૌરમાં ૪.૦ મીમી, ડેલહાઉસીમાં ૩.૦૦ મીમી અને જોટમાં ૨.૪ મીમી વરસાદ નોંધાયો છે. મનાલીમાં ૨.૦ મીમી વરસાદ નોંધાયો હતો, જયારે કુકુમસેરીમાં ૧.૬ મીમી વરસાદ નોંધાયો હતો. IMD અનુસાર, બુધવારથી હવામાનમાં થોડી રાહત થશે. જો કે, ૪ મેથી પશ્ચિમ હિમાલયન ક્ષેત્રને નવી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અસર કરી શકે છે. આ કારણે હિમાચલમાં ૪ અને ૫ મેના રોજ યલો એલર્ટ જાહેર કરવામાં આવી શકે છે.

### નશાબંધીની ઓફિસમાંથી જ ડ્રગ્સની ચોરીનો કેસ

## ચરસનો જથ્થો ચોરીને વેચવાનો પ્રયાસ કરનારા આરોપીને સ્પે. કોર્ટે ૧૦ વર્ષ કેદની સજા કરી

### આ સાથે જ કોર્ટે પોતાના અવલોકનમાં નોંધ્યું કે, માદક પદાર્થનો ઉપયોગ એક સામાજિક દૂષણ છે અને સમાજને કોરી ખાય છે

અમદવાદ, તા.૩૦

અમદાવાદમાં નશાબંધીની ઓફિસમાંથી જ ડ્રગ્સની ચોરી થવાની ઘટના બની હતી. નશાબંધી ઓફિસમાંથી ૧.૭૫૦ ગ્રામ ચરસનો જથ્થો ચોરીને વેચવાનો પ્રયાસ કરનારા આરોપીને સ્પે. કોર્ટે ૧૦ વર્ષ કેદની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે પોતાના અવલોકનમાં નોંધ્યું કે, માદક પદાર્થનો ઉપયોગ એક સામાજિક દૂષણ છે અને સમાજને કોરી ખાય છે. માદક પદાર્થની હેરાફેરી દેશના અર્થતંત્રને વિપરીત અસર કરે છે. ઉપરાંત દેશના યુવાનો તથા ભાવિ પેઢી માટે હાનિકારક છે અને રાષ્ટ્રની સંપત્તિનો નાશ કરે છે ત્યારે આવા આરોપી સામે દયા ન દાખવી સજા કરવી ન્યાયોચિત જણાય છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, ચરસ ચોરી કરવાનો કેસ સાબિત ન થતા આરોપીનો નિર્દોષ છૂટકારો થયો છે જયારે ડ્રગ્સ કેસમાં સજા થઈ છે.

અમદાવાદ એસઓજી ક્રાઈમ બ્રાન્ચની ટીમે ૨૮ જુલાઈ ૨૦૧૯ના રોજ રાજન બાબુભાઈ દંતાણી નામના શખ્સને ૧.૭૫૦ ગ્રામ ચરસના જથ્થા સાથે ઝડપ્યો હતો. ક્રાઈમની ટીમે આરોપીની પૂછપરછ કરતા આ ચરસનો જથ્થો ઘરની પાછળ આવેલા સીપીડી વેરહાઉસમાંથી ચોરી કર્યો હતો. જેથી એસઓજીની ટીમ નશાબંધી અને આબકારીના શાહપુરના વેરહાઉસ પર પહોંચી હતી. નશાબંધીના અધિકારીઓને જાણ થતાં તેઓ પણ દોડી આવ્યા હતા. રાજને વેરહાઉસનું તાળું તોડી ચરસની ચોરી કરી હતી. જે તે સમયે નશાબંધીના અધિકારીઓને પણ આ ક્યાં મુદામાલની ચોરી થઈ છે તેની જાણ નહોતી. બાદમાં ડીસા રૂરલ પોલીસ સ્ટેશનના મુદામાલની ચોરી કરી હોવાનો રેકર્ડ મળતા રાજન સામે ચોરીની ફરિયાદ શાહપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. આ ઉપરાંત NDPS એક્ટ હેઠળ પણ રાજન સામે અલગ કેસ કરવામાં આવ્યો હતો. ચોરીનો કેસ પુરવાર ન થતા આરોપીને કોર્ટે નિર્દોષ છોડી મૂક્યો હતો જયારે ડ્રગ્સ કેસ ચાલતા સરકારી વકીલે પુરતા સાક્ષી તપાસી અને દસ્તાવેજી પુરાવા રજૂ કરી કોર્ટને જણાવ્યું હતું કે, ગંભીર પ્રકારનો ગુનો છે, આરોપીના કૃત્યને કારણે યુવા ધન ડ્રગ્સના રવાડે ચઢી રહ્યું છે, આરોપી પાસેથી જ મુદ્દામાલ મળ્યાનું સાબિત થાય છે ત્યારે આવા આરોપીને સખતમાં સખત સજા કરી સમાજમાં દાખલો બેસાડવો જોઈએ. આવી રજૂઆત બાદ કોર્ટે આરોપી રાજન દંતાણીને ૧૦ વર્ષ કેદની સજા ફટકારી છે.નશાબંધીના ગોડાઉનમાંથી ચરસની ચોરી થઈ હોવા છતાં ક્રાઈમ બ્રાન્ચે તેમની તપાસમાં નશાબંધીની ઓફિસના એક પણ કર્મચારીને સાક્ષી તરીકે ચાર્જશીટમાં દર્શાવ્યો ન હતો. જેથી આરોપી તરફે એવી પણ રજૂઆત કરવામાં આવી હતી કે, આરોપી સામે નશાબંધીના ગોડાઉનમાંથી ચરસ ચોરીનો આરોપ છે, પરંતુ નશાબંધી ખાતાના કોઈ જ કર્મચારીનું નિવેદન લેવામાં આવ્યું નથી અને કોઈ સાક્ષી પણ નથી ત્યારે ખરેખર મુદ્દામાલ ક્યાંથી આવ્યો તે સાબિત થતું જ નથી તેથી નિર્દોષ છોડવો જોઈએ.

## રાજુલા જે.એ.સંઘવી હાઈસકુલમાં નિવૃતિ વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો




રાજુલા, તા.૩૦

રાજુલા જે.એ. સંઘવી હાઈસ્કૂલમાં સતત ત્રણ દાયકા એટલે કે ૩૫ વર્ષથી આજ શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા એવા યોગેશભાઈ હર્ષદભાઈ જોષીનો નિવૃત્તિ વિદાય સમારંભો કાર્યક્રમ યોજાયો ઉલ્લેખનીય બાબતે છે કે કોઈપણ કર્મચારીની બદલી અને નિવૃત્તિ આ બે વસ્તુ નક્કી જ હોય છે પરંતુ આ કાર્યમાં તમારા મિત્રો પરિવાર સર્વે લોકો જયારે સામેલ થતા હોય ત્યારે આ સમયે જે દ્રશ્યો સર્જાતા હોય છે તે દ્રશ્યો જોતા જ એક દીકરીનું વિદાયનો પ્રસંગ હોય તેવો જો પ્રસંગ જોવા મળે છે અને કયારેય સમગ્ર સ્ટાફ અને રાજુલાનાં લોકોના મોઢે આ યોગેશભાઈ જોશીની જે વાતો સાંભળવા મળે ત્યારે ખરેખર ગર્વ લીધા જેવી વાત છે આ શાળાનો સમગ્ર કાર્યક્રમનું આયોજન આ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આયોજન કરવામાં આવેલું રાજુલાની જે.એ. સંઘવી હાઈસ્કુલમાં આ પ્રથમ ઘટના એવી છે કે જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા વિદાય સમારંભો કાર્યક્રમ યોજવામાં આવ્યો હોય આ અગાઉ પણ આ શાળામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા અમૃત મહોત્સવ પણ યોજાયો ત્યારે ગર્વ લીધા જેવી વાત છે કે અત્યાર સુધીમાં આ શાળામાં ભણી ચૂકેલા વિદ્યાર્થીઓ દ્વારા આ શાળાને ફરીથી જીવંત કરવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે ત્યારે ફરીથી આજે આ શાળાના શિક્ષકના વિદાય સમારંભમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શહેરના અગ્રણીઓ નામાંકિતો વેપારીઓ વિવિધ સંસ્થાના આગેવાનો તેમજ ડોકટરો વકીલો તેમજ રાજુલા ચેમ્બર ઓફ કોમર્સ સમસ્ત બ્રહ્મ સમાજ તેમજ મહુવાથી વિવિધ ડોકટરો જેવા કે ડો.પમનાણી, ડો.પડીયા ડો.કમલેશ કાતરીયા, આર.એન.ઝા, ડો.સુતરીયા, રમેશભાઈ, નાનકભાઈ પમનાણી પૂર્વધારાસભ્ય અમરીશ ડેર શાળાઓના ટ્રસ્ટીઓ બીપીનભાઈ લેહરી શાળાનાં આચાર્ય વાઘ તથા એ.વી.મહેતા તથા શાળાનો સમગ્ર સ્ટાફ ત્યા ભૂતપૂર્વ શિક્ષકો સહિતના વિવિધ અગ્રણીઓએ હાજરી આપેલ અને વિવિધ વકતાઓએ યોગેશભાઈ જોષીની શાળા પ્રત્યે અને વિદ્યાર્થીઓ પ્રત્યેની નિષ્ઠા અને કર્તવ્ય પરાયણતાની વાતો કરેલ અને રાત્રે સૌ સાથે સમૂહ ભોજન કરી છુટા પડેલ આ કાર્યક્રમને સફળ બનાવવા રાજુલાનાં અગ્રણી વેપારી કે જે વિદ્યાર્થીઓ હતા. તેની કોર કમીટી એ સમગ્ર આયોજન કરેલ.

### દેશની ૧૩૦૦ વર્ષ જૂની પરંપરાનો અંત

## SC-ST સમાજના ચાર સંત બન્યા મહામંડલેશ્વર

### સંત સમાજના ઈતિહાસમાં સૌપ્રથમવાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમાજના સંતોને પદવી અપાઈ

અમદાવાદ, તા.૩૦

ભારતીય સમાજ હવે ક્રાંતિ અને સમાનતાના માર્ગે આગળ વધી રહ્યો છે. ત્યારે દેશની ૧૩૦૦ વર્ષ જૂની પરંપરાનો આખરે અંત આવ્યો છે. દેશમાં પહેલીવાર જીઝ-જી સમાજના ચાર સંતને મહામંડલેશ્વરની પદવી અપાઈ છે. આ એક મોટી ઘટના છે. ચારેય એસસી-એસટી સંતો પર પાણી, દૂધ, પંચામૃત, મધનો અભિષેક કરાયો હતો. સંત સમાજના ઈતિહાસમાં સૌપ્રથમવાર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમાજના સંતોને મહામંડલેશ્વરની પદવી આપવામાં આવી હતી. કોને કોને આ ઉપાધિ મળીસંત શામળદાસજી ગુરુ મંગળદાસજી, રાજકોટ

સંત શામળદાસજી ગુરુ પ્રેમદાસજી, ભાવનગર સંત કૃષ્ણવદનજી હરિપ્રસાદજી મહારાજ, સુરેન્દ્રનગર સંત કિરણદાસજી મોહનદાસજીબાપુ, ભાવનગર અમદાવાદના સાયન્સ સિટી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં જીઝ અને જી સંત/મહાત્માઓની મહામંડલેશ્વર તરીકે ઐતિહાસિક નિમણૂંક કરાઈ હતી. જેમાં ગુજરાતના ભાવનગરના બે, રાજકોટ અને સુરેન્દ્રનગરના એક-એક એમ ચાર સંતને પૂજાવિધિ અને મંત્રોચ્ચાર અને અભિષેક કરી મહામંડલેશ્વરની પદવી આપવામાં આવી હતી. સંતો મહંતો દ્વારા ચારેય સંતો પર પાણી, દૂધ, પંચામૃત, મધ વગેરેનો અભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમગ્ર ભારતમાંથી ૮૦૦૦થી વધુ સનાતન સમર્થકોએ હાજરી આપી હતી. રાષ્ટ્રીય બૌદ્ધિક સલાહકારના મુખ્ય વ્યૂહરચનાકાર અને વન મોર ચાન્સ (એનજીઓ)ના મુખ્ય ટ્રસ્ટી રાજેશ શુક્લા અને સ્વામી નારાયણ ટ્રસ્ટના વડા સ્વામી પુરષોત્તમ શાસ્ત્રીજી મહારાજ ભારતીય સમાજમાં સમાનતા તરફની ઐતિહાસિક પહેલનું નેતૃત્વ કરે છે. તેમણે અશક્યને શક્ય બનાવ્યુંછે. પુરષોત્તમ શાસ્ત્રીજી મહારાજે ૨૦૨૪ માટે અમદાવાદ, ભારતમાં આ મહત્વપૂર્ણ પહેલનું સંયુક્તપણે આયોજન કર્યું હતું. આ ઐતિહાસિક કાર્યક્રમનું નેતૃત્વ અખાડા પ્રમુખના અધ્યક્ષ મહંત રવીન્દ્ર પુરી મહારાજ અને મહંત અખિલ ભારતીય અખાડા પરિષદના મહાસચિવ હરિ ગિરી મહારાજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અખાડા પરિષદના અધ્યક્ષ રવિન્દ્રપુરી મહારાજ અને હરિગીરી મહારાજ, અખિલ ભારતીય અખાડા પરિષદના સચિવ અને જુના અખાડા ઈન્ટરનેશનલના અધ્યક્ષના જાગ્રત કારભાર હેઠળ ૧૩૦૦ વર્ષ જૂની પરંપરાને સુધારવા માટે છે. આ પ્રસંગે ભાજપના પૂર્વ સાંસદ અમર સાબલેજીએ કહ્યુ હતું કે, આ એવી વાત છે જે કોઈની કલ્પના બહાર હતી કે ૧૩૦૦ વર્ષ જૂની પરંપરાનો અંત આવશે અને વધુ સારા સમાજ માટે નવા યુગની શરૂઆત થશે. આપણે બધા આજે અહીં રચાયેલા ઈતિહાસના સાક્ષી છીએ.

### મતદાન જાગૃતિ અર્થે પાલિકા દ્વારા

## અમરેલીનાં સિનીયર સિટીઝન પાર્કમાં આવતીકાલે સાંજે કબડ્ડી સ્પર્ધા યોજાશે

### શહેરીજનોને ઉપસ્થિત રહેવા અનુરોધ

અમરેલી, તા.૩૦

અમરેલી શહેરમાં યોજાય રહેલ લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે અંગે અમરેલી નગર પાલિકા દ્વારા અવનવા કાર્યક્રમ યોજી મતદારો ને મતદાન અંગે જાગૃતિ અર્થે ઉજાગર કરવામાં આવી રહેલ છે ત્યારે ૨–જી મેના રોજ સિનિયર સિટીઝન પાર્ક ખાતે કબ્બડી હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે.

અમરેલી નગર પાલિકાના ચીફ ઓફિસર એચ.કે. પટેલે જણાવેલ હતું કે અમરેલી શહેરમાં સાતમી મેના રોજ યોજાય રહેલ લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો જાગૃતિ દાખવી મતદાન કરે તે દિશામાં દરરોજ અવનવા કાર્યક્રમ યોજવામા આવી રહેલ છે. આવીજ રીતે મતદારો વધુમાં વધુ મતદાન કરે તે માટે તા.૨ –જી મેના રોજ સાંજના છ કલાકે અમરેલી ફોઈવર્ડ સ્કૂલ સામે આવેલ સિનિયર સિટીઝન પાર્ક ખાતે કબડ્ડી સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે જેમાં શહેરીજનોએ પોતાની નૈતિક ફરજ ને ઉજાગર કરવા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જાહેર વિનંતી કરવામાં આવે છે.

### ચૂંટણીના એક અઠવાડિયા પહેલા પાસું પલટાયું

## ગુજરાતમાં ક્ષત્રિયો હવે નહિ કરે ભાજપનો વિરોધ

### ગુજરાત રાજ્ય ક્ષત્રિય-રાજપૂત સંસ્થાઓ સંકલન સમિતિના મુખ્ય સંકલનકર્તાએ સમસ્ત ક્ષત્રિય સમાજ જોગ સંદેશ આપ્યો

રાજકોટ, તા.૩૦

ગુજરાતમાં લાંબા સમયથી ચાલેલા રૂપાલા વિવાદનો આખરે અંત આવ્યો છે. એક દિવસ બાદ ગુજરાતમાં પીએમ મોદી ચૂંટણી પ્રચાર માટે આવવાના છે, તે પહેલા જ ક્ષત્રિય સમાજે આંદોલનની તલવાર મ્યાનમાં મૂકી દીધી છે. આજથી અનેક ક્ષત્રિય આગેવાનોએ રાજપૂતોને શાંતિ જાળવવા અપીલ કરી છે. આ વચ્ચે ગુજરાત રાજ્ય ક્ષત્રિય-રાજપૂત સંસ્થાઓ સંકલન સમિતિના મુખ્ય સંકલનકર્તા રમજુભા જાડેજાએ સોશિયલ મીડિયા પર મોટી જાહેરાત કરી છે. હવેથી કોઈ ચૂંટણી સભાઓ, રેલીઓ તથા સમેલનો જેવા કાર્યક્રમ સ્થળોએ વિરોધ ન કરવા અપીલ કરી છે. આમ, પીએમ મોદીની ગુજરાતમાં સભા પહેલા ભાજપને મોટી રાહત મળી છે. ચૂંટણીને હવે એક અઠવાડિયું માંડ બાકી રહ્યું છે, અને પીએમ મોદી પણ આવવાના છે, તે પહેલા જ ક્ષત્રિયો શાંત થયા છે. ક્ષત્રિયો હવે ભાજપના કાર્યક્રમોમાં વિરોધ નહિ કરે તેવો આડકતરો મેસેજ ક્ષત્રિય સંકલન સમિતિએ આપ્યો છે. આ મેસેજ રૂપાલા અને ભાજપ માટે મોટી રાહત સમાન છે. સમસ્ત ક્ષત્રિય સમાજ જોગ સંદેશ ગુજરાત રાજયના સમસ્ત ક્ષત્રિય સમાજ દ્વારા ક્ષત્રિય અસ્મિતા આંદોલન છેલ્લા ઘણા દિવસથી ખૂબ જ શાંતિપૂર્વક અને સ્વયં શિસ્ત સાથે ચાલી રહ્યું છે જેની નોંધ દેશભરમાં લેવાય છે આપણું નારી શકિતના સ્વાભિમાન માટેનો આંદોલન અહિંસક અને કોઈપણ પ્રકારના સંઘર્ષ કે ઘર્ષણ વગર મત એજ શસ્ત્ર ના ધ્યેય સાથે લોકશાહી ઢબે સમસ્ત ક્ષત્રિય સમાજ એકતાના દર્શન સાથે ખૂબ શિસ્ત પૂર્વક આગળ વધી રહ્યું છે. પાર્ટ-૨ નીતિ મુજબ બીજેપી વિરોધી મતદાનની નીતિ યથાવત છે અને બોયકોટ બીજેપી સાથે આપણે શાંતિપૂર્વક લોકશાહી ઢબે ક્ષત્રિય અસ્મિતા આદોલન ચાલુ રહેશે અને ભાજપ વિરોધી સક્ષમ ઉમેદવારને મતદાન કરવા માટે આહવાન કરીએ છીએ અને બુથ મેનેજમેન્ટને વધુમાં મજબૂત કરીને મતદાન કરી એ મુજબની રણનીતિ યથાવત રહેશે. સંકલન સમિતિના આગેવાનોના અભિપ્રાય તથા કોર કમિટીમાં થયેલ ચર્ચા - વિચારણા મુજબ હાલમાં ભારત દેશમાં લોકસભાની ચૂંટણી ચાલી રહી છે તે માટે સભા તેમજ રેલીઓ ચાલુ રહેશે આવા સમયે ક્ષત્રિય સમાજના અસ્મિતા આંદોલનના ધ્યેયને ભટકાવવા, અવળા પાટે ચડાવવા અને શાંતિ ડહોળવા કોઈ કૃત્ય કરશે કે કોઈ હિત શત્રુઓ રાજકીય હિત ધરાવતા વ્યક્તિઓ પોતાનો કોઈ બદઈરાદો પાર પાડવા માટે કંઈક કાંકરીયાળો કરે એવી ભીતિ સેવાય રહી છે ત્યારે વડાપ્રધાનથી લઈને સામાન્ય જન સુધી કોઈનો પણ વિરોધ કરવાનો નથી તેમજ તેઓની સુરક્ષા જોખમાય કે ખામી ઊભી થાય તેવું ક્ષત્રિય સમાજ ક્યારેય પણ વિચારે નહીં માટે ક્ષત્રિય સમાજને વિનંતી છે કે હવે કોઈ ચૂંટણી સભાઓ, રેલીઓ તથા સમેલનો જેવા કાર્યક્રમ સ્થળોએ વિરોધથી દૂર રહી આપણું ક્ષત્રિય અસ્મિતા સમેલન લોકશાહી ઢબે ચાલુ રાખીને મતદાનના દિવસે ૧૦૦% મતદાન આપણા ધ્યેય અનુસાર દરેક ગામ, શહેર, તાલુકા, જિલ્લા લેવલના બૂથ સુધી કરાવીએ અને શાંતિ અને ધૈર્યપૂર્વકની જવાબદારીના કામમાં ધ્યાન કેન્દ્રિત કરીને સર્વ ક્ષત્રિય સમાજની સંસ્કારીતા અને શિસ્તના દર્શન કરાવીએ તેવી સૌને વિનંતી છે. જય માતાજી. રમજુભા જાડેજા- મુખ્ય સંકલનકર્તા, ગુજરાત રાજય ક્ષત્રિય-રાજપૂત સંસ્થાઓ સંકલન સમિતિ સૌરાષ્ટ્રમાં પ્રધાનમંત્રીના કાર્યક્રમ પહેલા ક્ષત્રિય સમાજે શાંતિ જાળવવા અપીલ કરી છે. વાંકાનેરના અખિલ રાજપૂત યુવા સંઘના પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજાએ ક્ષત્રિય સમાજના લોકોને શાંતિ જાળવવા અને કોઈ કાયદો હાથમાં ન લેવા અપીલ કરી છે. સાથે જ લોકશાહી ઢબે લડત ચાલુ રાખવા અને ૭ તારીખ સુધી આચારસંહિતાનું પાલન કરવા અપીલ કરી. જામનગર, મોરબી અને વાંકાનેર ક્ષત્રિય સંકલન સમિતિ દ્વારા અપીલ કરતો પત્ર ફરતો કરાયો છે. કોઈ અન્ય વ્યક્તિ આંદોલનને ગેરમાર્ગે ન દોરી જાય તે માટે સજાગ રહેવા અને વાતાવરણ ન ડહોળાઈ તેની તકેદારી રાખવા સૂચના અપાઈ છે.

# અમરેલીનાં તપોવન આશ્રમ ખાતે સ્વ. ચંદુભાઈ સંઘાણીની દ્વિતિય પુણ્યતિથિએ ભજન અને ભોજનનો કાર્યક્રમ યોજાયો



અમરેલીમાં અબોલ જીવ, પશુ–પક્ષી, તેમજ જરૂરિયાત વાળા લોકો માટે સેવાનો ભેખ ધારણ કરનાર માનવપ્રેમી, કરૂણા અને સેવા પરમો ધર્મ જેનું જીવન સૂત્ર હતું,' રક્તદાન મહાદાન અભિયાનને સાર્થક કરનાર અમરેલી જિલ્લાને સૌપ્રથમ વાર બ્લડ ગ્રુપની ડિરેકટરી બનાવી લોકોને આ સેવાના ભગીરથ કાર્ય માટે સાથે જોડનાર, જે ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિને અનુરૂપ લોક કલ્યાણના કાર્ય માટે સદા કાર્ય કરનાર, સેવા ટ્રસ્ટની સ્થાપના કરનાર દિવંગત ચંદુભાઈ સંઘાણીની દ્વિતિય પુણ્યતિથી નિમિતે તા. ૨૮/૪/૨૦૨૪ને રવિવારના રોજ જીવરાજ મહેતા ચોક રાજકમલ ચોક અમરેલી ખાતે સેવા ટ્રસ્ટ દ્વારા દિવંગત ચંદુભાઈ સંઘાણીને ખૂબ જ વહાલી ચકલીઓ માટે ચકલીઘર તેમજ ઠંડી છાસ વિતરણનું આયોજન કરવામાં આવ્યું. દિવંગત ચંદુભાઈ સંઘાણીની દ્વિતિય પુણ્યતિથી નિમિતે મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સંઘાણી પરિવાર દ્વારા સારહી તપોવન આશ્રમ ખાતે તપસ્વીઓ સાથે ભોજનનું આયોજન તેમજ માઢતિ ધૂન મંડળ જેસીંગપરા દ્વારા ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સારહી યુથ કલબના સભ્યો, શુભેચ્છકો તેમજ આગેવાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### સદ્ભાવના વૃધ્ધાશ્રમ દ્વારા સંચાલિત

## રાજકોટ ખાતેનાં શ્વાન આશ્રમમાં એક હજાર જેટલા શ્વાનને આશ્રય મળશે

### હાલમાં ૧૩૫ જેટલા શ્વાનો આશ્રય મેળવી રહ્યા છે

રાજકોટ તા. ૩૦

વિશ્વમાં સૌથી વફાદાર પ્રાણી એટલે શ્વાન. શ્વાન તમામ પ્રકારના જોખમને અગાઉથી અનુભવે છે. પ્રાચીન અને મધ્યયુગના સમયમાં, પહેલાના લોકો કૂતરાઓને પોતાની સાથેરાખતા હતા. જેથી તેઓ જંગલી પ્રાણીઓ, લૂરટારાઓ અને ભૂત–પ્રેતથી બચી શકે.વનમાં રહેતા વનવાસી લોકો કૂતરા પાળતા હતા. જેથી તેઓ કોઈપણ પ્રકારના જોખમ પહેલા તે સાવધાન થઈ રહેતા ઋષિ–મુનિઓ પણ કૂતરા પાળતા હતા. આજકાલ પણ લોકો ઘરમાં કૂતરા પાળે છે જેથી તેઓ પોતાના ઘરને ચોરોથી બચાવી શકે. ભારતીય સંસ્કૃતિમાં શ્વાનનું મહત્વ પહેલેથી જ ચાલ્યું આવે છે. હિન્દુ ધર્મમાં કૂતરાને યમનો દૂત કહેવામાં આવે છે. શ્વાનને હિન્દુ દેવતા ભૈરવ મહાજનો સેવક માનવામાં આવે છે કે શ્વાનને ભોજન આપવાથી ભૈરવ મહારાજ પ્રસન્ન થાય છે અને ભકતની દરેક પ્રકારની આકસ્મિક મુશ્કેલીઓથી રક્ષણ કરે છે. એવું માનવામાં આવે છે કે શ્વાનને ખુશ રાખવાથી તે યમદૂતને પણ તમારી આસપાસ ભટકવા નથી દેતો અને શનિની સાથે સાથે રાહુ–કેતુ સંબધિત દોષો પણ કૂતરાને તેલમાં ચપટી રોટલી ખાવડાવાથી દૂર થઈ શકે છે. રાહુ–કેતુના, કાલસર્પ યોગથી પીડિત લોકો માટે આ ઉપાય ફાયદાકારક છે. એવું માનવામાં આવે છે કે કાળો શ્વાન જયાં હોય ત્યાં નકારાત્મક ઉર્જા રહેતી નથી. શ્વાન એ આપણી આસપાસ



ચોમેર હોય છે. આપણા પરિવારનો જ એક હિસ્સો હોય છે.

કમનસીબે શ્વાનો અકસ્માતમાં ઘવાઈને, બીમાર પડીને, ઉમરને કારણે લાચાર બની જતા હોય છે. એવા નિઃસહાય, લાચાર શ્વાનો માટે રાજકોટમાં સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા સદભાવના શ્વાન આશ્રમની શરૂઆત કરવામાં આવી છે. અહી ચાલી ન શકતા, ઊભા જ થઈ શકતા પેરેલિસીસવાળ, કમર ભાંગેલા, ફ્રેકચરવાળા, અંધ, અપંગ શ્વાનોને કાયમી આશરો મળશે તેમજ તેમને જરૂરી સારવાર, સુવિધાઓ મળશે સંસ્થા દ્વારા નિત્યજરૂરી સારવાર, વેકસીનેશન, ઓપરેશન વગેરે કરવામાં આવશે અને એક પરિવારના સભ્યની જેમ નિર્વાહ કરવામાં આવશે. પ્રથમ તબકકે ૧૦૦૦ શ્વાનોનેઆશરો અપાશે. હાલમાં જોઈ ન શકતા હોય એવા ૧૦, ઉમરવાળા ૧૦, અનાથ ૨૧, પેરેલિસીસવાળા ૬૪, અન્ય ૩૦ એમ ૧૩૫ શ્વાનો આશ્રય લઈ રહ્યા છે.

આ શ્વાનોને દરરોજ મ્યુઝીક થેરાપી આપવામાં આવે છે.દરેક બીમાર શ્વાનોનું દરરોજ ચેકઅપ અને સારવાર થાય છે. આ અંગે વિશેષ માહિતી માટે તેમજ આ પ્રકારના શ્વાનોને આશ્રય આપવા માટે સદભાવના શ્વાન આશ્રમ, જામનગર રોડ, ખંઢેરી સ્ટેડિયમની સામે, ગારડિ કોલેજની બાજુમાં, રાજકોટ (મો.૭૪૮૫૯૨૨૨૨૪)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

પાના ૧ ઉપરનું ચાલું **કોવિશિલ્ડ વેક્સિનથી**

પીડિતો દ્વારા લગભગ ૧ હજાર કરોડ રૂપિયાના વળતરની માંગ કરવામાં આવી છે.

એસ્ટ્રાઝેનેકાએ ઓકસફોર્ડ યુનિવર્સિટીના સહયોગથી તેની વેક્સિન બનાવી હતી. હવે કંપની સ્વીકારે કે તેની વેક્સિનના કારણે ઘણા લોકોના મોત થયા છે અને અન્ય લોકોને ગંભીર બીમારી થઈ છે, તો કંપનીને આવી સ્થિતિમાં મોટો દંડ પણ થઈ શકે છે. છેલ્લા કેટલાક સમયથી ઘણા લોકો માનતા હતા કે કોવિડની વેક્સિનથી હાર્ટ પર અસર થાય છે. નાની વયના લોકો અચાનક હાર્ટએટેકથી મૃત્યુ પામે તેવા કેસ વધ્યા પછી કોવિડની વેક્સિન તરફ શંકા ગઈ હતી. એપ્રિલ ૨૦૨૧માં જેમી સ્કોટ નામની વ્યક્તિએ આ વેક્સિન લીધા પછી તેની તબિયત બગડી અને તેનું લોહી ગંઠાઈ જવાથી મગજને અસર થઈ હતી. તેના દિમાગમાં આંતરિક રક્તસ્રાવ થયો હતો. ત્યાર બાદ સ્કોટે ગયા વર્ષે એસ્ટ્રાઝેનેકા સામે ફરિયાદ નોંધાવી હતી. સ્કોટના આરોપોના જવાબમાં મે ૨૦૨૩માં કંપનીએ દાવો કર્યો કે તેની વેક્સિનથી ટીટીએસ થતું નથી. પરંતુ ફેબ્રુઆરીમાં હાઈકોર્ટમાં સબમિટ કરાયેલા કાનૂની દસ્તાવેજોમાં કંપનીએ આ દાવો પાછો ખેંચી લીધો હતો. એસ્ટ્રાઝેનેકાએ પોતાના બચાવમાં કહ્યું કે કોવિડની રસીના કારણે ૬૦ લાખ લોકોના જીવ બચાવી શકાયા છે. તે સમયે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ પણ કહ્યું હતું કે ૧૮ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકો માટે આ વેક્સિન સલામત અને અસરકારક છે. તત્કાલિન બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોન્સને આ રસીને બ્રિટિશ વિજ્ઞાન માટે એક મોટી જીત ગણાવી હતી. પરંતુ હવે લાગે છે કે કોવિડની સામે રક્ષણ આપનાર આ વેક્સિને લોકોના હાર્ટને જોખમમાં મૂકી દીધા છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી લોકસભાની ચુંટણીને લઈને**

ફરિયાદ અને રજૂઆત માટે જનરલ નિરીક્ષક એમ.કે. દ્રાબુ, કાયદો અને વ્યવસ્થાને લગતી ફરિયાદ અને રજૂઆત માટે પોલીસ નિરીક્ષક નાઝનીન ભસીન અને ખર્ચને લગતી ફરિયાદ કે રજૂઆત માટે ખર્ચ નિરીક્ષક શ્રીનાવાસુ કોલ્લીપકાનો સંપર્ક કરવા જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સાથે નિરીક્ષકઓના સંપર્ક માટે તેમના ફોન નંબર પણ આપવામાં આવ્યા છે.

ચૂંટણીને લગતી કોઈ પણ પ્રકારની ફરિયાદ કે રજૂઆત કરવા માટે જનરલ નિરીક્ષક એમ.કે. દ્રાબુનો મોબાઈલ નંબર ૬૩૫૩૬ ૯૩૧૮૮ પર સંપર્ક કરી શકાશે. અમરેલી સ્થિત સર્કિટ હાઉસ ખાતે તેમનો સંપર્ક કરવા માટે ટેલિફોન નંબર (૦૨૭૯૨) ૨૨૬૦૭૨ છે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાને લગતી ફરિયાદ કે રજૂઆત માટે પોલીસ નિરીક્ષક નાઝનીન ભસીનના મોબાઈલ નંબર ૯૬૬૪૫ ૩૫૮૦૫ પર સંપર્ક કરી શકાશે. અમરેલી સ્થિત સર્કિટ હાઉસ ખાતે તેમનો સંપર્ક કરવા માટે ટેલિફોન નંબર (૦૨૭૯૨) ૨૨૬૦૭૩ છે.

લોકસભાની ચૂંટણી દરમિયાન ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચ સહિતને લગતી બાબતોની ફરીયાદ કે રજૂઆત માટે ખર્ચ નિરીક્ષક શ્રીનિવાસુ કોલ્લીપકાનો મોબાઈલ નંબર ૭૯૯૦૩ ૪૩૮૪૮ પર સંપર્ક કરી શકાશે. અમરેલી સ્થિત સર્કિટ હાઉસ ખાતે તેમનો સંપર્ક કરવા માટે ટેલિફોન નંબર (૦૨૭૯૨) ૨૨૬૦૭૧ છે. ચૂંટણીલક્ષી રજૂઆતો માટે ભારતના ચૂંટણીપંચ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા નિરીક્ષકઓને નાગરિકો સીધી રજૂઆતો કરી શકે છે, તેમ અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.


### આગામી ૪ મે ને શનિવારના રોજ

## અમરેલી ખાતે શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનાં ૫૪૭માં પ્રાગટય મહોત્સવ ઉજવાશે

### વૈષ્ણવજનોને લાભ લેવા અનુરોધ

અમરેલી, તા. ૩૦

નિકુંજનાયક દ્વારકાધીશજી પ્રભુનીઅસીમકૃપાથીઅનેઆશિર્વાદથી વલ્લભાચાર્યજીના ૫૪૭માં પ્રાગટય ઉત્સવ આગામી તા. ૪ શનિવારના રોજ ભવ્યરીતેઉજવવાનુંઆયોજન કરેલ છે. આ પ્રસંગનાઅલૌકિકઉત્સવોમાંહાજરી આપવા વૈષ્ણવને ભાવભર્યુ આપવામાં આવેલ છે.



આગામી તારીખ ૪ ના રોજનાઉત્સવોમાંમંગળાદર્શનસવારે ૭ : ૩૦ કલાકે, જયારે પલના દર્શન સવારે ૧૦ : ૧૫ પછી (નંદોત્સવ થશે), રાજભોગ બપોરે ૧૨ કલાકે તિલક આરતીથશે. (ફૂલમંડળીમાંદર્શનથશે), શયનના દર્શન, ફુલના બંગલા વરણાંગી આવ્યા બાદ થશે. જયારે ભોગ આરતી સાંજે૫ કલાકેથશે. જયારે ભવ્યવરણાંગી અમરેલીની ગોવર્ધનનાથજી હવેલી – કેરીયા રોડથી સાંજે ૫ કલાકે શરૂ થઈ શહેરના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ દ્વારકાધીશજી હવેલીએ પહોંચશે, ત્યાર બાદ શયનના દર્શન થશે. અને ત્યાર બાદ બાલભવન રામજી મંદિરની સામે સાંજે ૭ થી ૯ કલાકે દરેક વૈષ્ણવોએ મહાપ્રસાદનું આયોજન કરેલ છે.

આવરણાંગીમાંસુખપાલની સેવામાં દરેક વૈષ્ણવ ભાઈઓએ ધોતી – બંડી ઉપરણા સાથે તથા બહેનોએ વરણાંગીમાં કેસરી સાડીમાં બહોળી સંખ્યામાં હાજરી આપશે. આ વરણાંગીમાં ચાલી ન શકે તેવા વૈષ્ણવો માટે ફોર વ્હીલ વાહનની પણ વ્યવસ્થા રાખેલ છે.

## અવસાન નોંધ

**અમરેલી :** જાળીયા નિવાસી ભનુભાઈ રણછોડભાઈ કારીયા (ઉ. વ. ૮૫) તે કિશોરભાઈ (કારીયા ટીવી સેન્ટર) તથા અશ્વિનભાઈ તેમજ રેખાબેન જગદીશકુમાર નગદીયા તથા આશાબેન ધનજીભાઈ કારીયાનાં પિતા તેમજ વંદન, આકાશ, નયન, હર્ષના દાદાનું અવસાન થયલ છે, સદગતનું ઉઠમણું તા. ૦૨/૦૫/૨૪ ને ગુરૂવારનાં રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમરેલી મુકામે પટેલવાડી, હિરામોતી ચોક ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૨૦ | ૧૧૯૮ |
| ૨ | શિંગ મોટી | ૯૬૧ | ૧૨૦૦ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૪૫૦ | ૧૫૮૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૫ | ૨૭૭૫ |
| ૫ | તલ કાળા | ૨૪૦૦ | ૩૦૫૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૧૪૦ | ૩૧૪૦ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૫૦૮ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૭૪૫ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૬૦ | ૬૯૯ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૬૪ | ૬૦૪ |
| ૧૧ | ચણા | ૯૨૦ | ૧૨૪૫ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૧૫ | ૧૨૮૫ |
| ૧૩ | તુવેર | ૧૫૦૦ | ૨૦૭૧ |
| ૧૪ | કપાસ | ૯૫૨ | ૧૫૨૫ |
| ૧૫ | એરંડા | ૮૫૦ | ૧૦૫૭ |
| ૧૬ | જીરૂ | ૨૬૪૦ | ૪૨૮૦ |
| ૧૭ | રાયડો | ૮૬૦ | ૯૩૦ |
| ૧૮ | ધાણા | ૧૦૦૦ | ૧૭૭૦ |
| ૧૯ | ધાણી | ૧૪૨૫ | ૨૦૮૦ |
| ૨૦ | અજમા | ૧૨૧૦ | ૨૪૫૦ |
| ૨૧ | મેથી | ૮૨૦ | ૯૫૧ |
| ૨૨ | સોયાબીન | ૮૧૮ | ૮૭૦ |
| ૨૩ | મરચા લાંબા | ૬૪૦ | ૩૯૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૨ | ઘઉં | ૪૨૫ | ૫૦૭ |
| ૩ | ચણા | ૧૧૧૧ | ૧૧૭૦ |
| ૪ | ધાણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૫ | એરંડા | ૧૦૪૨ | ૧૦૪૯ |
| ૬ | જુવાર | ૫૨૫ | ૫૨૫ |
| ૭ | તુવેર | ૧૦૫૦ | ૨૦૦૦ |
| ૮ | શીંગ ફાડા | ૧૩૬૫ | ૧૩૬૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૩૦ | ૧૨૨૧ |
| ૨ | શીંગ મોટી | ૮૫૫ | ૧૨૨૭ |
| ૩ | શીંગ નવી | ૧૧૭૦ | ૧૪૮૪ |
| ૪ | તલ સફેદ | ૨૬૩૧ | ૨૬૪૦ |
| ૫ | જીરૂ | ૨૩૦૦ | ૪૩૦૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૪૪ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૮૬ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૧૪ |
| ૧૦ | જુવાર | ૪૮૬ | ૬૭૦ |
| ૧૧ | મગ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ૧૨ | મકાઈ | ૪૭૬ | – |
| ૧૩ | ચણા | ૧૧૨૫ | ૧૨૪૧ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૪૦ |
| ૧૫ | તુવેર | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ૧૬ | એરંડી | ૧૦૨૫ | ૧૦૮૭ |
| ૧૭ | ધાણા | ૧૧૫૧ | ૧૪૪૧ |
| ૧૮ | સોયાબીન | ૮૦૦ | ૮૭૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૩ | ૧૪૯૨ |
| ૨ | ચણા | ૧૨૦૦ | ૧૨૩૨ |
| ૩ | જુવાર પીળી | ૪૧૧ | ૪૧૧ |
| ૪ | તલ સફેદ | ૨૭૬૧ | ૨૭૬૧ |
| ૫ | એરંડા | ૮૫૦ | ૮૫૦ |
| ૬ | ઘઉં | ૫૫૦ | ૫૫૦ |
| ૭ | જીરૂ | ૪૦૧૨ | ૪૦૧૨ |
| ૮ | સોયાબીન | ૮૦૬ | ૮૦૬ |
| ૯ | તુવેર | ૧૫૭૫ | ૨૦૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૬૫ |
| ૨ | ચણા | ૯૧૫ | ૧૧૮૦ |
| ૩ | ધાણા | ૮૫૩ | ૧૧૮૦ |
| ૪ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૩૮૧ |
| ૫ | ઘઉં લોકવન | ૩૫૪ | ૫૧૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૪૯૭ |
| ૭ | મકાઈ | ૫૧૦ | ૫૨૫ |
| ૮ | ચણા છોલે | ૧૭૦૦ | ૧૯૩૦ |
| ૯ | મેથી | ૮૭૯ | ૯૬૦ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૫૭૧ |
| ૧૧ | તુવેર | ૧૨૧૫ | ૧૭૮૫ |
| ૧૨ | લસણ | ૫૦૦ | ૫૧૦ |
| ૧૩ | સૂર્યમુખી | ૩૦૦ | ૩૧૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૨ | ૧૫૨૮ |
| ૨ | મગફળી | ૧૧૪૩ | ૧૧૫૭ |
| ૩ | ઘઉં | ૪૬૮ | ૫૬૨ |
| ૪ | ચણા | ૧૧૪૮ | ૧૨૪૦ |
| ૫ | જીરૂ | ૩૭૬૦ | ૪૪૪૦ |
| ૬ | રાય | ૯૧૫ | ૧૦૯૫ |
| ૭ | મેથી | ૯૧૦ | ૯૩૦ |
| ૮ | એરંડા | ૧૦૩૧ | ૧૦૫૯ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૦૧ |
| ૩ | તલ પીળા | ૩૨૦૧ | ૩૨૦૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૪૯૪ |
| ૫ | બાજરો | ૪૨૫ | ૫૩૯ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૬ |
| ૭ | જુવાર | ૪૨૧ | ૭૬૦ |
| ૮ | મકાઈ | ૪૭૧ | ૪૭૧ |
| ૯ | અજમા | ૨૨૨૫ | ૨૨૨૫ |
| ૧૦ | મેથી | ૧૦૬૦ | ૧૨૨૬ |
| ૧૧ | તુવેર | ૧૩૫૦ | ૨૦૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૯૨ | ૧૨૨૭ |
| ૧૩ | જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૫ | સુવા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૧૬ | રાય | ૯૦૧ | ૯૦૧ |
| ૧૭ | ધાણા | ૨૧૦૧ | ૨૧૦૧ |

## પર્યાવરણને નુકસાન કરતી કંપનીને ઉચાળા ભરવા મજબુર કરાશે

# રાજુલા-જાફરાબાદ પંથકમાં કોપર કંપનીનું આગમન અટકાવીશ : જેની ઠુંમર

કોંગ્રેસપક્ષનાં ઉમેદવારે ચુંટણી પ્રચાર દરમિયાન જનતા જનાર્દનને વિશ્વાસ સાથે કંપનીને અટકાવવા ખાત્રી આપી

કોંગ્રેસનાં ઉમેદવારને સત્કારવા માટે ગામે-ગામ ઉત્સાહનો માહોલ જોવા મળ્યો

વૃધ્ધો અને વિધવાઓને કાળઝાળ મોંઘવારીમાં પેન્શનની રકમ ૨૫૦૦ કરાવી દેવાની ખાત્રી આપી

ફાચરીયા, લોર, પાટી, માણસા, છેલણા, હેમાળ ઘેસપુર સહિતનાં ગામોમાં વ્યાપક સમર્થન



અમરેલી, તા.૩૦

અમરેલી-મહુવા, ગારીયાધાર વિસ્તારના કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ગઠબંધન ઈન્ડીયા ગઠબંધન તરફથી કોંગ્રેસના મહિલા અને શિક્ષીત ઉમેદવાર જેનીબેન ઠુમ્મર આજે રાજુલા-જાફરાબાદ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારની જનતાને આશિર્વાદ લેવા માટે પહોંચ્યા હતા. જયા તેમણે જણાવ્યું હતું કે રાજુલા-જાફરાબાદ વિસ્તારનો જોઈએ તેઓ વિકાસ થયો નથી. અને આ વિસ્તારમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, અને રોડ - રસ્તા જેવી પ્રાથમિક સુવિધાનો અભાવ છે. ત્યાં મારી પ્રાથમિકતા રહેશે આ વિસ્તારને સારી સ્કુલ - કોલેજ, તથા હોસ્પિટલોની સુવિધા મળે.

આ ઉપરાંત હું ચુંટણી હારૂ કે જીતુ પરંતુ ૩૬ ગામોને પ્રભાવિત કરતી કોપર કંપીનાના આંદોલનને મારો ટેકો છે. અને આ જનજનની લડત છે. તેમાં હું પણ મારૂ યોગદાન આપીશ.

આ વિસ્તારમાં ખેડૂતો અને માછીમારીનો વ્યવસાય કરતા લોકો માટે સરકાર વિકાસ લક્ષી વિશેષ પેકેજ લાવે તેવી મારી માંગણી છે. આ ઉપરાંત હોમગાર્ડને દૈનિક રૂા.૭૦૦ અને જીઆરડીને રૂા.૫૦૦ માનદ વેતન મળે વિધવા સહાય રૂા.૨૫૦૦ અને વૃધ્ધ સહાય રૂા.૨૫૦૦ કરવામાં આવે તેમજ જુની સરકારી કર્મચારીઓ માટે જુની પેન્શન સ્કિમ લાગુ કરવામાં તેવી અપીલ હું રાજયનાં મુખ્યમંત્રીને કરૂ છું.

ખેતી મોંઘી થઈ છે. ત્યારે ખેડૂતોને વધુમાં વધુ ઉપજનાં ભાવ મળે તે માટે એમ.એસ.પી. લાગુ કરવામાં આવે અને સ્થાનિક કંપનીઓમાં ૭૦% સ્થાનિક યુવાનોને નોકરી આપવામાં આવે તેવી અમારી માંગણી છે.

આ ઉપરાંત સાવરકુંડલા, લાઠી અને દામનગર ખાતે ચુંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તેમાં વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયા હતા. આ તકે તેમણે જણાવ્યું કે મોંઘવારી અને બે કારીને કારણે અનેક લોકોને આત્મ હત્યા કરવાની ફરજ પડે છે. ત્યારે સરકારે મનરેગાનાં કામો તાત્કાલીક શરૂ કરવા જોઈએ જેથી લોકોને ઉનાળાનાં કપરા સમયમાં રોજગારી મળી શકે.

સાવરકુંડલા, લાઠી, દામનગરથી લાંબા અંતરની પસેન્જર ટ્રેનો શરૂ કરવામાં આવે અને અયોધ્યા, કાશી, ચારધામ યાત્રા તેમજ વંદે ભારત ટ્રેનને પણ આ રૂટ પર દોડાવવામાં આવે તેવી મારી માંગણી છે. તેમ જેનીબેન ઠુમ્મરે જણાવ્યું હતું. જિલ્લા કોંગ્રેસ પક્ષનાં પ્રમુખ દુધાતે વર્તમાન સરકાર પર આકરા પ્રહાર કર્તા જણાવ્યું હતું કે કોંગ્રેસના સમયમાં ૩૭૦ નો રાધણ ગેસનો બાટલો મળતો હતો. તે ભાજપ સરકારે ૧૧૦૦નો કર્યો, ખાતર - દવા - બિયારણ પણ મોંઘા કર્યા ખેડૂતોને પોતાની ઉપજનાં પુરતા ભાવ ભળતા નથી લોકો ખેતી છોડી રહયા છે. ત્યારે કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલા ચુંટણી ગેરંટીને પ્રતાપભાઈ દુધાતે વાચી સંભળાવ્યો હતો. જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકારનાં સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે. તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે. ૨૫ વર્ષ ઓછી ઉંમરનાં યુવાનો ગ્રેજયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા.૧ લાખ આપવામાં આવશે. અને અગ્નિપથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે. તે પુનઃ જુની પધ્ધતી મુજબ કરવામાં આવે છે. સરકારી નોકરીઓમાં પેપરલીક થાય તેની સામે સખત કાયદો, ખેડૂતો માટે જણસનાં ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનુની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયાર, દવા અને ખેતીના સંશાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, બહેનો માટે ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂા.૧ લાખ અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, મજુરો માટે - મનરેગા અંતર્ગત થતાં રાહત કામોમાં રૂા.૪૦૦ સુધી રોજી કરવામાં આવશે. જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવા વાળા લોકોને સમાજિક સુરક્ષા આપવામાં આવશે. અને રૂા.૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે. ન્યાય આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણનાં થશે. જલ-જંગલ - જમીનનો કાનુની હકક વન અધિકાર વાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે. આદિવાસીત બહુમતિ વાળા વિસ્તારોમાં અધૂસચિત થાશે.

આ તકે ઉપસ્થિત કોંગ્રેસ આગેવાનોમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, આપનાં પ્રમુખ નિકુંજભાઈ સાવલીયા, પુર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મર, પુર્વ પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયા, ડી.કે. રૈયાણી, શંભુભાઈ દેસાઈ, અર્જુનભાઈ સોસા, કાંતિભાઈ સતાસીયા, ટીકુભાઈ વરૂ, જીતુભાઈ અડતાલાવાળા, ચંદ્રશભાઈ રવાણી, હસુભાઈ સુચક, હસુભાઈ બગડા, નિતીભાઈ ત્રિવેદી, ખોડભાઈ માળવીયા, બહાદુરભાઈ બેરા, વિજયભાઈ કોગથીયા, વિજયભાઈ શેખલીયા, રમેશભાઈ પરમાર, ભાવિનભાઈ ગોસાઈ, જગદીશભાઈ દેથળીયા, ભીખાભાઈ દેવાણી, દિનેશભાઈ હાથીગઢ, ભરતભાઈ ગીડા, નિતીનભાઈ ડુંગરીયા, કાંતિભાઈ ડુંગરીયા, જીવરાજભાઈ પરમાર, ગાંગાભાઈ હડીયા, જે.ડી.કાછડ, હાર્દિક કાનાણી, આંબાભાઈ કાકડીયા, ભરતભાઈ હપાણી, સુખાભાઈ વાળા (અમરાપુર) અજયભાઈ બી. ખુમાણ (સા.કુંડલા) હમુન્નાભાઈ જુઠાણી, નરેશભાઈ અધ્યારૂ, રફીકભાઈ મોગલ, ભરતભાઈ લાડોલા, પ્રહલાદ સોલંકી, બી.કે.સોળીયા, જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ મીનાબેન સોંડાગર, સહિત વિશાળ સંખ્યામાં બહેનો અને યુવાનો આ મિંટીગ અને ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહયા હતા.

---

### આગામી મંગળવારે મતદાન થશે

## ધમધમાટ : અમરેલી લોકસભા બેઠકની ચુંટણીને લઈને ચુંટણી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ

### ઉમેદવારનાં નામ અને નિશાનની કામગીરી કરાઈ

અમરેલી, તા.૨૯

લોકસભાની ચૂંટણીના મતદાનને લઈને ચૂંટણી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. અમરેલી લોકસભા બેઠક માટે ચૂંટણી પંચ દ્વારા ઈ.વી.એમ.પ્રિપ્રેશન કામગીરીઓ શરૂ કરવામાંઆવી હતી. અને બે દિવસના ઈ.વી.એમ.પ્રિપ્રેશન કામગીરીમાં અમરેલી જિલ્લાની ૫ વિધાનસભા બેઠક અને ૨ ભાવનગર જિલ્લાની ગારીયાધાર અને મહુવા વિધાનસભા સાથે ૭ વિધાનસભા બેઠકની ૧ અમરેલી લોકસભા બેઠક માટે ઈ.વી.એમ. મશીન, વી.વી.પેટ સહિતના મશીનરીઓ પર આઈ. ટી વિભાગના અધિકારીઓ દ્વારા પ્રિપ્રેશન કામગીરી ઓ કરવામાં આવી હતી. જેમાં અમરેલી લોકસભા બેઠકના ઉમેદવારોના નામ



અને ચિન્હ સહિતના મતદાન મશીનરી કામગીરીની ચૂંટણી તંત્રના અધિકારીઓએ સમીક્ષાઓ કરી હતી. અને સાવરકુંડલા વિધાનસભા ક્ષેત્રમાં ૨૮૬ પોલિંગ બુથો આવે છે. અને ગઈકાલે મોડી રાત સુધી કામગીરીઓ પૂર્ણ કરવામાં આવીહતી. અને રાજકીય પક્ષોમાં પ્રતિનિધિઓની હાજરી વચ્ચે રિઝર્વ ઈ.વી.એમ.ની કામગીરીઓ પણ પૂર્ણ કરી દેવામાં આવી હતી. અને મોક પોલ જેવી કામગીરી પણ પૂર્ણ કરીને ૭ તારીખે મતદાનના દિવસની તૈયારીઓ તંત્ર દ્વારા આખરી ઓપ અપાયો હોવાની વિગતો સાવરકુંડલા પ્રાંત કલેકટર ધારાબેન ભાલાળા એ આપી હતી.

---

## લીલીયા મોટા ખાતે સંવેદનશીલ વિસ્તારમાં બીએસએફ દ્વારા ફલેગ માર્ચ યોજાઈ



લીલીયામોટા, તા.૩૦

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી સબબ લીલીયા, ટાઉન, કાંકચ, પીપળવા ગામે બીએસએફ સાથે ફલેગ માર્ચ યોજાઈ. લીલીયા મોટા ટાઉન કાંકચ, પીપળવા, ગામે સંવેદનશીલ વિસ્તારમાં એસ.પી. હિમકરસિંહ, ડીવાયએસપી ચિરાગ દેસાઈ તેમજ લીલીયા પીએસઆઈ એસ. આર. ગોહિલની સૂચના અને માર્ગદર્શન મુજબ લીલીયાના સંવેદનશીલ વિસ્તારમાં બીએસએફ દ્વારા ફલેગ માર્ચ યોજવામાં આવેલ આવનાર ચૂંટણી શાંતિમય વાતાવરણમાં યોજાય તેવા શુભ હેતુથી લીલીયા પોલીસ દ્વારા ફલેગ માર્ચ યોજવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

### પંચ દશાનામજીના અખાડાનાં મહામંડલેશ્વર અને

## જુનાગઢની મુચકુંદ ગુફાનાં મહંત સૌથી નાની વયે જગતગુરૂ બન્યા

### સમગ્ર વિશ્વનાં સંતો-મહંતોએ શુભેચ્છા પાઠવી

અમરેલી, તા. ૩૦

શ્રીપંચ દશનામ જુના અખાડા જૂનાગઢ ગુજરાતના સનાતન સુશોભિત શ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેર મહેન્દ્રનંદગીરીજી મહારાજ અને જુનાગઢ ભવનાથ દામોદર કુંડ પાસે આવેલ સુપ્રસિધ્ધ મુચકુંદ ગુફા ના મહંત જેઓ ગર્ગાચાર્યની પરંપરા અને સંપૂર્ણ સનાતનની પરંપરાના અનુયાયી છે જેઓને વૈદિક પરંપરા મુજબ તેમના ગુઢમહારાજ મહંત હરિગીરીજી મહારાજ અને અખાડા સંપ્રદાયના ચારેય મઢી અનેઅખાડાઓના સંતો, મહંતો, મહામંડલેશ્વરો, મહંતો, મહાત્માઓ અને સંતોની સહમતિ અને હાજરીથી તેમને અલ્હાબાદ પ્રયાગરાજ ખાતે ત્રિવેણી સંગમની પવિત્ર ભૂમિ પર જગદગુઢની પદવી એનાયત કરવામાં આવી હતી કાશી સુમેઢ પીઠાધીશ્વર જગદગુઢ નરેન્દ્રનંદ સરસ્વતી મહારાજે જણાવ્યું હતું કે મહેન્દ્રાનંદગિરિ મહારાજે સનાતન ધર્મને મહામંડલેશ્વર તરીકે અર્પણ કરી અને દેશમાં જ નહી પરંતુ સમગ્ર વિશ્વમાં તેનો ધ્વજ લહેરાવ્યો તે સેવાને ધ્યાનમાં રાખીને પરંપરા મુજબ તેમને પીઠના જગદ્ગુઢ બનાવવામાં આવ્યા છે ગર્ગાચાર્ય પીઠ મહંત હરિગિરી મહારાજે જણાવ્યું હતું કે અખિલ ભારતીયઅખાડાપરિષદસનાતનધર્મનેમજબૂત



કરીનેઅનેભારતનેફરીથીવિશ્વનેતાબનાવવા દેશમાં રામરાજયની સ્થાપના કરવાનો પ્રયાસ કરી રહી છે આ કાર્ય માટે મહેન્દ્રાનંદગિરી મહારાજે પોતાનું સમગ્ર જીવન સનાતન ધર્મને સમર્પિતકર્યુંછેઆ કારણેતેમનેગર્ગાચાર્યપીઠના જગતગુઢ બનાવવામાં આવ્યા છે શ્રી મહંત પ્રેમગીરીમહારાજેજણાવ્યુંહતુંકેમહામંડલેશ્વર મહેન્દ્રાનંદ ગીરી મહારાજ જગતગુઢ બનવાથી સમગ્ર વિશ્વમાં સનાતન ધર્મનો ધ્વજ લહેરાશે શ્રીમહંત નારાયણ ગિરી મહારાજે જણાવ્યું હતું કે જગતગુઢ મહેન્દ્રાનંદ ગિરી મહારાજે જે રીતે સનાતન ધર્મને પોતાનું જીવન સમર્પિત કર્યુંછે તેનાથી લાખો અને કરોડો લોકો પ્રેરણા લઈ રહ્યા છે તેમના હજારો શિષ્યો છે જેઓ સનાતન ધર્મને મજબૂત કરવા માટે કામ કરી રહ્યા છે હિંદુઓને એક કરવાની સાથે તેઓ જાતિના ભેદભાવને દૂર કરવા માટે પણ કામ કરી રહ્યા છે આજ કારણ છે કે તેઓ તેમના શિષ્યોની જાતિને જોતા નથી, પરંતુ તેમના સમાજ, દેશ અને હિન્દુ ધર્મ પ્રત્યેના સમર્પણને જુએ છે તેમના ગર્ગાચાર્ય પીઠના જગતગુઢ બનવાથી હિંદુ ધર્મ સંગઠિત અને મજબૂત બનશે.

## અમરેલી શહેરમાં ઠેકઠેકાણે હોર્ડિંગ લગાવવામાં આવ્યા

# જયશ્રી રામ : મારો વોટ મારી જિમ્મેદારી, મારો દેશ, મારી ભાગીદારી

લોકસભાની ચૂંટણીને ગણતરીની કલાકો જ બાકી રહી હોય શહેરમાં જાહેર સ્થળોએ ''જયશ્રી રામ''નાં હોર્ડિંગ જોવા મળી રહ્યા છે

હોર્ડિંગમાં ક્યાંય કોઈ લગાવનારનું નામ ન હોય તંત્ર પણ શું કરવું તેની ચર્ચામાં વ્યસ્ત

હોર્ડિંગ લાગે તેનો વાંધો ન હોય પરંતુ ''જયશ્રી રામ'' લખેલ હોર્ડિંગને લગાવવાનાં સ્થળને લઈને પણ આશ્ચર્ય

નાગનાથ ચોકમાં આવેલ જાહેર શૌચાલય ઉપર હોર્ડિંગ લગાવનાર ભગવાન શ્રી રામનાં નામની મર્યાદા ચુકયા










અમરેલી, તા. ૩૦

અમરેલી શહેરનાં જાહેર સ્થળોએ ''જયશ્રી રામ'' નામનાં હોર્ડિંગ રાતોરાત લાગી જતાં અને તેમાં હોર્ડિંગ લગાવનારનું નામ જોવા ન મળતાં તંત્ર પણ ચકરાવે ચડયું છે કે આ હોર્ડિંગ કોણે લગાવ્યા હશે.

અમરેલી લોકસભા બેઠકની ચૂંટણીને ગણતરીની કલાકો બાકી રહી હોય રાજકીય માહોલ ગરમાવો પકડાવી રહ્યો છે. તેવા સમયે રાતોરાત ''જયશ્રી રામ''નાં નામ સાથે શહેરમાં ઠેકઠેકાણે હોર્ડિંગ લાગતાં આ હોર્ડિંગ કેમ અત્યારે જ લગાવાય, રામનવમીનો પવિત્ર દિવસ હમણા જ પસાર થયો ત્યારે કેમ હોર્ડિંગ ન લગાવ્યા તેને લઈને પણ ચર્ચાઓ શરૂ થઈ છે.

શહેરમાં ''જયશ્રી રામ''નું નામ જાહેરમાં દર્શાવાય તેનો કોઈને વાંધો નહોય શકે પરંતુ નાગનાથ ચોકમાં આવેલ જાહેર શૌચાલયની ઉપર ''ભગવાન શ્રી રામ''નાં નામનું હોર્ડિંગ લાગવાથી શ્રી રામનાં ભકતોમાં પણ નારાજગી જોવા મળી રહી છે.

શહેરમાં ''જય શ્રી રામ''નાં નામનાં હોર્ડિંગ લગાવનારનું નામ કેમ નથી અને સ્થળની પસંદગી કોણે કરી તેની તપાસ કરવી જરૂરી બની છે.

### તેમનાં એકાઉન્ટમાંથી ૧૮ હજારની ઉઠાંતરી

## સાવરકુંડલા : છત્તીશગઢમાં CRPFમાં ફરજ બજાવતાં જવાન સાથે છેતરપીંડી

**સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલામાં જેસર રોડ ઉપર રહેતા જયદેવભાઈ રાઠોડ તેઓ હાલ છતીસગઢમાં સી.આર.પી.એફ.માં સીઆરપીએફમાં ફરજ બજાવે છે, યુવાન સાથે છેતરપીંડી કરીને ઓગણીસ હજાર જેવી રકમનો ફ્રોડ કરવામાં આવ્યો, યુવાન પોતાની એસ.બી.આઈ. ચાલી રહેલી લોનની વિગતો જાણવા માટે ગૂગલ ઉપર સર્ચ કરીને ટોલફ્રી નંબર ગોતીને કોલ કરતા કોલ ફ્રોડ વ્યકિતને લાગી ગયો અને તેણે તે જવાન સાથે વ્યવસ્થિત વાત કરીને એક એપ્લીકેશન ઈન્સ્ટોલ કરાવીને ઈમેઈલ આઈ.ડી. પણ નાખી અને ઓટીપી દ્વારા ફ્રોડ થયો અને ૧૯૦૦૦ જેવી રકમ ઉપાડી લીધી. હાલ તેમણે કોલ કરીને સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદ લખાવી છે. હાલ યુવાન છતીસગઢમાં ઈસીઆરપીએફમાં ફરજ બજાવે છે. પોતાની ફરજ ઉપર હોવાથી મોબાઈલમાં પૈસા ઉપડયા તેના મેસેજ આવ્યા હતા પણ પોતે ફરજ ઉપર હોવાથી મોબાઈલ હાથમાં હતો નહિ અને જયારે ફરજ પૂરી થઈ મોબાઈલ જોયો તો પૈસા ઉપડી ગયાના મેસેજ જોયા હતા.

### જમીનના માલીકે પ્રાંત અધિકારીને અરજી આપતા

## બાબરા ગામની રે.સ.નં. ૪૮૩/૧ પૈકી ૭ વાળી જમીનમાંથી દબાણ હટાવવા સૂચના

**પવનચક્કી કંપનીને દબાણ ન કરવા આદેશ**

બાબરા તા. ૩૦

ફરિયાદી પ્રતાપભાઈ ઓઢાભાઈ લાલુ રે. સુરત દ્વારા અત્રેની પ્રાંત અધિકારીની કચેરી રે.સ.નં. ૪૮૩/૧ પૈકી ૭ વાળી માલીકીની જમીનની પશ્ચિમ તરફના શેઢા બાજુએ અડીને આવેલ સર્વે નં. ૪૮૭/૧ અને ૪૮૭/૨ વાળી જમીન આવેલ છે. તે પૈકીની સર્વે નં. ૪૮૭/૨ વાળી જમીનમાં આપની કંપનીની પવનચકકીના હેતુ માટે બીનખેતી થયેલ જમીન આવેલ છે. જે જમીનમાં હાલ પવનચકકી ઉભી કરવાની કામગીરી કરવામાં આવી રહેલ હોય. સદર જમીનમાં ઉભી કરવામાં આવેલ પવનચકકીની પાંખ અન્ય ખેડુતની જમીનમાં આવે છે અને કામગીરી કરવા માટે ભારે વાહનો તથા મશીનરી, ક્રેનો અને પવનચકીકીનો સર—સામાન પાડોશી ખેડુતની જમીનમાંથી કોઈ પણ રજા પરવાનગી વગર, ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી દબાણ ઊભુ કરી જમીનને નુકસાન પહોંચાડી રહેલ હોવાની ફરીયાદ કરેલ છે.

સદરહું બાબતે અત્રેની નોટીસ કાઢી રૂબરૂ સાભંળવા બોલાવતા ફરીયાદીના વકીલ દ્વારા જરૂરી આધાર પુરાવા સાથે હાજર રહી મોજે બાબરા ખાતેની રે.સ. નં. ૪૮૩/૧ પૈકી વાળી જમીન તેઓની માલીકી હોવાના પુરાવાઓ રજુ કરેલ છે. જે ધ્યાને લઈ કંપની દ્વારા આજુ બાજુની જમીન માલીકોની સંમતિ મેળવી કોઈપણ ખેડુતોની જમીનને અડચણરૂપ ન થાય તેની કાળજી લઈ કામગીરી કરવા જણાવવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે.

### ચુંટણીપંચનાં નિરીક્ષકોનો સંપર્ક કરો

## અમરેલી લોકસભાની ચુંટણીને લઈને કોઈ ફરિયાદ હોય તો સંપર્ક કરવા અનુરોધ

**ટેલિફોન અથવા તો રૂબરૂ સંપર્ક કરી શકાશે**

અમરેલી તા.૩૦

લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત ચૂંટણીપંચ દ્વારા ૧૪ અમરેલી લોકસભા મતવિસ્તાર માટે નિમવામાં આવેલા ચૂંટણી નિરીક્ષકઓને નાગરિકો ચૂંટણીલક્ષી કોઈ પણ ફરિયાદ કે રજૂઆત કરી શકશે. ચૂંટણીલક્ષી

અનુસંધાન પાના ૬ ઉપર







### સંજયભાઈ ડુંબાળીયા નામનાં

## બગસરાનાં યુવકને યોગ્ય જીવનસાથી ન મળતાં ચૂંદડી વડે ગળાફાંસો ખાઈ લીધો

**મૃતક ઘણા સમયથી લગ્ન કરવા આતુર હતો**

અમરેલી, તા. ૩૦

બગસરાના નવા જીનપરા વિસ્તારમાં રહેતા સંજયભાઈ લાલજીભાઈ ડુંબાળીયા નામનાં ૨૫ વર્ષિય યુવક ઘણા સમયથી લગ્ન કરવાનું કહેતો હોય અને લગ્ન માટે યોગ્ય પાત્ર મળતું ન હોય. જે બાબતે યુવકને લાગી આવતા તા. ૨૯ ના સાંજના ૪ વાગ્યે પોતે પોતાના મકાનમાં આવેલ છતના હુકમાં ચુંદડી વડે ગળાફાંસો ખાઈ જતા તે મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


### કોઈ અગમ્ય કારણોસર પગલું ભર્યુ

## દામનગરનાં સીતારામનગરમાં રહેતી યુવતીએ ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

**માત્ર ૧૮ વર્ષની વયે અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૩૦

દામનગર ગામે આવેલ સીતારામનગર, પ્રેમગુરૂ આશ્રમવાળી શેરીમાં રહેતા રેખાબેન વિનુભાઈ ડોડીયાની દિકરી મરણ જનાર રૂચિતાબેન વિનુભાઈ ડોડીયા નામની ૧૮ વર્ષિય યુવતિ ગત તા. ૨૩/૩ ના રોજ સવારના આશરે સાડા અગિયારેક વાગ્યા દરમ્યાન પોતાના ઘરે હતી. ત્યારે રૂમમાં પંખા સાથે ચુંદડીનો એક છેડો બાંધી અને બીજો છેડો પોતાના ગળામાં બાંધી પોતે પોતાની મેળે કોઈ અગમ્ય કારણસર ગળાફાંસો ખાઈ લેતા પ્રથમ દામનગર સરકારી દવાખાને બાદ વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવારમાં દાખલ કરેલ જયાં તેણીનું સારવાર દરમ્યાન તા. ૨૮/૪ ના મોડી રાત્રીના સમયે મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.







*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)